MANOGAT • Year-40 • Issue-8 • 25 July 2021 • Aashadh vad 1, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28



# मनोगत

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुं गुरुदेवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥




## દેશનું લક્ષ્ય માત્ર ‘કોન્ક્રિટ’નાં માળખાંઓ ઊભાં કરવાનું જ નથી, પરંતુ આ માળખાંઓની સાથે ‘કેરેક્ટર’ - નવતર ચારિત્ર્યને જોડવાનું પણ છે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં


# પાંચ વર્ષ આપણી સરકારનાં
# સૌના સાથ સૌના વિકાસનાં



સંગઠનને સક્રિય કરી
સરકારી યોજનાઓના લાભ
લોકો સુધી પહોંચાડવા માટે
કાર્યકર્તાને પ્રેરણા આપી,
પેઈજ સમિતિના પ્રેરક બની
લોકશાહી પર્વમાં
ભાજપના સતત વિજયના
સારથિ બનેલા
શ્રી સી.આર.પાટીલને
ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકેની
એક વર્ષની અનેક સફળતા
માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ







Year : 40, Issue : 8, Pages : 28

## તંત્રીસ્થાનેથી

## રાષ્ટ્રભક્તિ અને લોકશક્તિના અદભુત સમન્વય સાથે વિકાસના ઉન્નત માર્ગે આપણે સૌ - સૌને સાથે લઈને ચાલતા રહીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

તાજેતરમાં જ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારે ૭ વર્ષ પૂરાં કર્યાં અને આ ઓગસ્ટ મહિનામાં શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર પણ ૫ વર્ષ પૂરા કરી રહી છે.

આમ જુવો તો સ્વર્ગસ્થ કેશુભાઈ પટેલના વખતથી શરૂ થયેલી આપણી વિચારધારાની યાત્રા નિરંતર લોકકલ્યાણ માટે સતત કાર્યરત રહી છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસનો જે અભૂતપૂર્વ યજ્ઞ આરંભ્યો તે ત્યારબાદ શ્રી આનંદીબેન પટેલ અને વર્તમાનમાં શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે.

અનેક અવરોધો આવ્યા. ગુજરાતને અને ભાજપને બદનામ કરવામાં વિરોધીઓ એ કશું બાકી રાખ્યું નહોતું. ધર્મ, જ્ઞાતિ, ઊંચનીચ વગેરે અનેક પ્રકારના ભેદભાવો સમાજમાં ઊભા કરીને ભાજપને હરાવવાના ષડયંત્રો વિપક્ષ અને વિરોધીઓ દ્વારા સતત કરવામાં આવ્યાં, પરંતુ આપણી લોકકલ્યાણ અને વિકાસની નીતિ, પ્રમાણિક નિયત અને શ્રેષ્ઠ તેમજ સંવેદનશીલ નેતૃત્વના કારણે પ્રજાની લાગણી દિન-પ્રતિદિન આપણા માટે વધતી જ રહી છે .

માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી તો તેમના ગુજરાતપ્રેમનો વિશેષ લાભ પણ આપણને મળ્યો અને પરિણામે ગુજરાતની વિકાસયાત્રા ડબલ એન્જિન સાથે તેજ ગતિએ આગળ વધી રહી છે. છેલ્લાં ૫ વર્ષમાં થયેલાં અનેક કામોની વિગતો આ અંકમાં વિશેષ સ્વરૂપે અપાયેલી છે. તે તમામ પ્રજાજનો સુધી પહોંચે તે આપણું કાર્યકર્તા તરીકેનું સાચું કર્મ છે .

ભાજપનું ભારતીય રાજનીતિમાં આગવાપણું જ એ છે કે ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારા, સંગઠનની એકતા અને તાકાત તેમજ સરકારનું પરિણામસ્પર્શી સુશાસન દ્વારા રચાતો ત્રિવેણીસંગમ - વિકાસગંગાની સાચી અનુભૂતિ જનમાનસને કરાવે છે.

આવો, રાષ્ટ્રભક્તિ અને લોકશક્તિના અદ્ભુત સમન્વય સાથે વિકાસના ઉન્નત માર્ગે આપણે સૌ - સૌને સાથે લઈને ચાલતા રહીએ

ચરૈવેતિ ચરૈવેતિ

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
મનોગત પાક્ષિક
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com


તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# રેલવેના માધ્યમથી સોમનાથની ધરતી વિશ્વનાથની ધરતી સાથે જોડાઈ ગાંધીનગર રેલવે સ્ટેશનનો પ્રયોગ ભારતમાં રેલવેમાં એક સાર્થક પરિવર્તનનો પ્રયોગ

## - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી



### નવા ભારતની નવી ઓળખમાં એક વધુ કડી જોડાઈ

આજનો દિવસ, ૨૧મી સદીના ભારતના આકાંક્ષીઓનો, યુવા ભારતની ભાવનાઓ અને સંભાવનાઓનો બહુ મોટો પ્રતીક છે. વિજ્ઞાન અને ટેકનોલોજી હોય, શ્રેષ્ઠ શહેરી લેન્ડસ્કેપ હોય કે પછી જોડાણ માટે આધુનિક માળખાગત સુવિધા હોય – નવા ભારતની નવી ઓળખમાં એક વધુ કડી જોડાઈ રહી છે. મેં અહીં દિલ્હીથી તમામ પ્રોજેક્ટનું લોકાર્પણ તો કર્યું છે, પણ તેમને પ્રત્યક્ષ રીતે જોવાની આતુરતાને વ્યક્ત કરી શકતો નથી. તક મળતા જ હું એને જોવા આવીશ.


અત્યારે દેશનો લક્ષ્યાંક ફક્ત કોંક્રિટનાં જંગલ ઊભાં કરવાનો નથી, પણ દેશમાં એવી માળખાગત સુવિધાઓનું નિર્માણ થઈ રહ્યું છે, જેનું પોતાનું એક ચરિત્ર હોય. શ્રેષ્ઠ જાહેર જગ્યાઓ આપણી અનિવાર્ય આવશ્યકતા છે. અગાઉ આ રીતે વિચારવામાં આવતું નહોતું. અગાઉ આપણા શહેરી આયોજનમાં એને પણ એક લક્ઝરી સાથે જોડી દેવામાં આવ્યો હતો. તમે પણ જોયું હશે કે રિયલ એસ્ટેટ અને હાઉસિંગ કંપનીઓના પ્રચારનું ફોકસ શું હોય છે – પાર્ક ફેસિંગ ઘર કે પછી સોસાયટીની વિશેષ જાહેર જગ્યાઓની આસપાસ હોય છે. આવું એટલા માટે હોય છે, કારણ કે આપણાં શહેરોની બહુ મોટી વસ્તી ગુણવત્તાયુક્ત જાહેર જગ્યા અને ગુણવત્તાયુક્ત જાહેર જીવનથી વંચિત રહી ગઈ છે. હવે શહેરી વિકાસનાં જૂના વિચારને પાછળ છોડીને દેશ આધુનિકતા તરફ અગ્રેસર થઈ રહ્યો છે.

### તમે ભૂલી શકો ?

અમદાવાદમાં સાબરમતીની દશા શું હતું – તમે ભૂલી શકો? અત્યારે ત્યાં પાણીના અવિરત પ્રવાહની સાથે સાથે રિવરફ્રન્ટ પાર્ક, ઓપન જિમ, સી પ્લેન – આ તમામ સેવાઓ ઉપલબ્ધ છે. એટલે કે એક રીતે સંપૂર્ણ ઇકોસિસ્ટમ બદલાઈ ગઈ છે. આ જ પરિવર્તન કાંકરિયામાં થયું છે. જૂના અમદાવાદનું આ તળાવ આટલી બધી ચહલપહલનું કેન્દ્ર બની જશે – અગાઉ વિચાર જ કરવામાં આવ્યો નહોતો.

### સાયન્સ સિટી બાળકોથી ગુંજતું રહે, એમાં જ એની સાર્થકતા

સાથીદારો, બાળકોના સ્વાભાવિક વિકાસ માટે મનોરંજનની સાથે સાથે તેમને શીખવાની અને તેમની રચનાત્મક શક્તિઓ ખીલવવાની જગ્યા મળવી જોઈએ. સાયન્સ સિટી એક એવો પ્રોજેક્ટ છે, જે રિ-ક્રિએશન (પુનઃસર્જન) અને રચનાત્મકતાને એકબીજા સાથે જોડે છે. એમાં પુનઃસર્જન સાથે સંબંધિત એવી વિવિધ પ્રવૃત્તિઓ છે, જે બાળકોમાં રચનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. તેમાં ખેલકૂદ છે, મોજમસ્તી છે અને સાથે સાથે આ બાળકોને કશું નવું શીખવાનું પ્લેટફોર્મ પણ છે. આપણે જોયું છે – ઘણી વાર બાળકો માતાપિતા પાસે રોબોટ્સ અને પશુઓનાં મોટાં રમકડાંઓની માંગણી કરે છે. કેટલાંક બાળકો કહે છે કે, ઘરમાં ડાયનાસોર લઈ આવો, કોઈ સિંહ પાળવાની જીદ કરે છે. માતાપિતા ક્યાંથી લાવશે? બાળકોને આ વિકલ્પ મળે છે – સાયન્સ સિટીમાં. આ નવો નેચર પાર્ક બન્યો છે, આ વિશેષ સ્વરૂપે મારાં નાનાં સાથીદારોને બહુ પસંદ આવશે. એટલું જ નહીં, સાયન્સ સિટીમાં બનેલી એક્વેટિક્સ ગેલેરી – એ તો વધુ આનંદ આપશે. આ દેશની જ નહીં, પણ એશિયાના ટોચના એક્વેરિયમમાંની એક છે. એક જ જગ્યાએ દુનિયાભરના દરિયાઈ જીવની વિવિધતાનું દર્શન – ખરેખર



# શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિકોણના કારણે જ આજે ગુજરાતની અનેક વિકાસ યોજનાઓ વિશ્વસ્તરીય અને નમૂનારૂપ છે - શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અને ગાંધીનગરના સાંસદશ્રી અમિતભાઈ શાહે ૩૫ વર્ષ પછી રાજ્યના પાટનગર ગાંધીનગર રેલવે સ્ટેશનના થયેલા આ સંપૂર્ણ કાયાકલ્પને સમગ્ર ગુજરાત અને ગાંધીનગર મતક્ષેત્રના નાગરિકો માટે ખૂબ આનંદનો દિવસ ગણાવ્યો હતો. શ્રી શાહે જણાવ્યું કે ઘણા સમય પહેલાં જ્યારે આ રેલવે સ્ટેશનનો વિચાર, તેનું મૂર્ત સ્વરૂપ અને સ્પેશિયલ પર્પઝ વ્હિકલ બન્યા બાદ જ્યારે કન્સ્ટ્રક્શન શરૂ કરવામાં આવ્યું, ત્યારે અનેક લોકોને આ માત્ર એન્જિનિયરિંગ સાહસ લાગતું હતું, પરંતુ આજે આ સાહસ સફળ થયું છે અને આજે તેનું લોકાર્પણ નરેન્દ્રભાઈના હસ્તે થઈ રહ્યું છે.

ગૃહમંત્રીશ્રીએ ઉમેર્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ગુજરાતનાં તમામ વિકાસકાર્યો વિશ્વસ્તરીય થાય, એવો તેમનો આગ્રહ અને લક્ષ્ય રહેતાં અને તેને અનુલક્ષીને જ આયોજન પણ કરવામાં આવતું હતું. તેમના આ દૃષ્ટિકોણના કારણે જ આજે ગુજરાતની અનેક વિકાસ યોજનાઓ વિશ્વસ્તરીય અને નમૂનારૂપ છે. ગાંધીનગરનું આ નવું રેલવે સ્ટેશન તેમજ બે નવી ટ્રેનનો પ્રારંભ નાગરિકો માટે અનેક રીતે ઉપયોગી બનશે. જ્યારે નવનિર્મિત પંચતારક હોટેલ ઇકોનોમી અને ટૂરિઝમને વિકસાવવામાં મહત્ત્વરૂપ થશે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે મહેસાણા-વરેઠા વચ્ચે રેલવે ગેજ પરિવર્તન અને સુરેન્દ્રનગર-પીપાવાવ ૨૬૬ કિ.મી. રેલવેલાઇનનું ઇલેક્ટ્રિફિકેશન એ રેલવે દ્વારા નક્કી કરવામાં આવેલા ઇલેક્ટ્રિફિકેશન અને ગેજ પરિવર્તનની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ રેલવેએ ગુજરાતમાં અનેક નવી યોજનાઓ પૂર્ણ કરી છે. વિશ્વના સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના નિર્માણ પછી દેશની આઠ મહત્ત્વની જગ્યાઓ સાથે જોડવાની કામગીરી પણ રેલવે દ્વારા તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવી છે અને આજે ગાંધીનગર-વારાણસી ટ્રેનના માધ્યમ થકી ગાંધીનગરને બાબા વિશ્વનાથની નગરી સાથે જોડવાનું કામ પણ પૂર્ણ થયું છે. ગાંધીનગરથી વરેઠા વચ્ચે શરૂ થનારી મેમૂ સર્વિસ અનેક મુસાફરો માટે ઉપયોગી સિદ્ધ થવાની છે. જ્યારે વાવોલ અન્ડરપાસ બનવાના કારણે લગભગ વાહનચાલકોએ અઢી કિલોમીટર જેટલું અંતર ઓછું કાપવું પડશે.

આ તકે અમદાવાદના સાયન્સ સિટી ખાતે પણ લોકાર્પિત થનારી બે ગેલેરી અને એક નેચર પાર્કનો ઉલ્લેખ કરતાં શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું કે આ નવનિર્મિત એક્વેટિક ગેલેરી અને રોબોટિક્સ ગેલેરી વિજ્ઞાનમાં રસ ધરાવનારા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની સાબિત થઈ રહેશે. આશરે ૧૧ હજાર ચોરસમીટરમાં ફેલાયેલી આ રોબોટિક ગેલેરીના માધ્યમથી માનવ રોબોટ સંવાદથી માંડીને કૃષિ, અંતરિક્ષ, રક્ષા સહિતના અનેક ક્ષેત્રમાં રોબોટના વિવિધ ઉપયોગો દર્શાવાયા છે. જ્યારે એક્વેટિક ગેલેરીમાં અનેક પ્રકારની દરિયાઈ જૈવ વિવિધતાનો બાળકો અનુભવ કરી શકે અને તેમની જિજ્ઞાસા સંતોષાશે. આ સિવાય આઠ હેક્ટરમાં નેચરપાર્કનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં આ નેચરપાર્કને બાયોલોજિકલ પાર્ક તરીકે વિકસાવવાની પણ યોજના છે.

એક અદ્‌ભુત અનુભવ આપશે.

અહીં રોબોટિક્સ ગેલેરીમાં રોબોટ્સ સાથે વાતચીત આકર્ષણનું કેન્દ્ર છે. સાથે સાથે આ રોબોટિક્સના ક્ષેત્રમાં કામ કરતા આપણા યુવાનોને પ્રેરિત પણ કરશે, બાળકોના મનમાં જિજ્ઞાસાવૃત્તિને પ્રેરિત કરશે. મેડિસિન, ખેતી, અંતરિક્ષ, સંરક્ષણ — આ પ્રકારનાં અનેક ક્ષેત્રોમાં રોબોટ્સ કેવી રીતે ઉપયોગી થઈ શકે છે — એનો અનુભવ અહીં આપણા યુવાન સાથીદારોને મળશે. અને હા, રોબો કાફેમાં રોબોટિક શેફે બનાવેલું અને રોબોટ વેઇટર્સે પીરસેલા ભોજનનો આનંદ માણવાનું અહીં આવેલી વ્યક્તિ



## ગુજરાતની વિકાસયાત્રાને ઉત્તમથી સર્વોત્તમ સુધી લઈ જવા માટે પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી સાકાર થઈ રહેલા આ પ્રોજેક્ટ સીમાચિહ્નરૂપ બની રહેશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતની રાજધાની ગાંધીનગરથી ભગવાન શિવની નગરી વારાણસી-કાશી સુધી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન, પીપાવાવ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા ઉદ્યોગોને સામાન પરિવહન માટે સુરેન્દ્રનગર-પીપાવાવ વચ્ચે ૨૬૬ કિલોમીટર લાંબી રેલવે લાઇનનું ઈલેક્ટ્રિફિકેશનનું લોકાર્પણ તેમજ વડાપ્રધાનના વતન વડનગર સાથે જોડાયેલી મહેસાણા-વરેઠા ઈલેક્ટ્રિફાઈડ બ્રોડગેજ રેલવેનું લોકાર્પણ કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ભેટ આપી છે. ગાંધીનગર વર્ષોથી રેલવે સેવાઓથી વંચિત રાજધાની હતી પરંતુ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ નવા પ્રોજેક્ટ તેમજ રેલવે ટ્રેનની ભેટ ગુજરાતને આપીને સર્વાંગી વિકાસનાં નવાં સોપાન સર કરાવ્યાં છે. આ રેલ પ્રોજેક્ટથી કનેક્ટિવિટી અને સુવિધાઓમાં વધારો થશે. એટલું જ નહીં, મહાત્મા મંદિર જેવું વિશાળ કન્વેક્શન સેન્ટર, અતિ આધુનિક સુવિધાયુક્ત રેલવે સ્ટેશન અને ફાઈવસ્ટાર હોટેલથી દેશ-વિદેશથી ગાંધીનગરમાં આવનારા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર પણ બનશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વિશ્વસ્તરની મહત્ત્વપૂર્ણ સમિટ તેમજ કૉન્ફરન્સ માટે વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા પણ મહાત્મા મંદિર જેવા વિશાળ કન્વેક્શન સેન્ટર અને એક્ઝિબિશન સેન્ટરના માધ્યમથી મળશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશ-વિદેશથી આવનારા રોકાણકારો, ઉદ્યોગ-વેપારના પ્રતિનિધિઓને રહેવા માટે કન્વેક્શન સેન્ટરની નજીક વર્લ્ડ ક્લાસ સુવિધા મળે તે ઉદ્દેશથી ૩૧૮ રૂમની સુવિધાવાળી આધુનિક ફાઈવસ્ટાર હોટેલનું નિર્માણ થયું છે. શ્રી નરેન્દ્રભાઈએ પોતાના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન જ ગુજરાતના બાળકો-વડીલો, યુવાઓની ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં રસ વધે તે માટે સાયન્સ સિટીનો વિકાસ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, બાળકો-વડીલો અને દરેકને મનોરંજનની સાથે જ્ઞાન આપતા સાયન્સ સિટીમાં અગાઉથી આઈ મેક્સ થિએટર, એસ્ટ્રોનોમી-સ્પેસ ગેલેરી કાર્યરત છે અને હવે આજે નવા ત્રણ પ્રકલ્પોનું લોકાર્પણ થયું છે. સાયન્સ સિટીમાં બનેલા ભારતના સૌથી મોટા માછલી ઘરમાં દેશ-વિદેશની અગિયાર હજાર જેટલી માછલીઓ જોવા મળશે અને અહીં લાગેલા કિયોસ્ક દ્વારા માછલીઓની જાણકારી પણ મળી રહેશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસનું સ્ટાન્ડર્ડ બેંચમાર્ક સેટ કર્યું છે. આ ડેવલોપમેન્ટ સ્ટાન્ડર્ડને બનાવી રાખીને વિકાસની ગતિને વધુ ઝડપી બનાવવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. આજે ગુજરાતના વિકાસની ચર્ચા અને તુલના દેશનાં અન્ય રાજ્યો જ નહીં પરંતુ વિશ્વના વિકસિત દેશો સાથે થઈ રહી છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે, મેન્યુફેક્ચરિંગ હબ છે અને સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ પ્રાપ્ત કરવાવાળું રાજ્ય બન્યું છે, જેના મૂળમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જે વિકાસનો પાયો નાખ્યો હતો તે છે. ગુજરાતની વિકાસયાત્રાને ઉત્તમથી સર્વોત્તમ સુધી લઈ જવા માટે પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી સાકાર થઈ રહેલા આ પ્રોજેક્ટ સીમાચિહ્નરૂપ બની રહેશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, પાછલા દોઢ વર્ષથી કોરોનાના કપરા કાળમાં વિશ્વના ઘણા દેશોમાં આર્થિક ગતિવિધિઓ-કામકાજ સ્થગિત થઈ ગયાં હતાં ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨૫ કરોડ ભારતીયોએ 'ન ઝુકના હૈ ન રુકના હૈ' મંત્ર સાથે વિકાસની ગતિ, આર્થિક પ્રવૃત્તિઓ અને કારોબારને અટકવા દીધા ન હતા. વડાપ્રધાનશ્રીના સૂત્ર 'કડાઈ ભી, દવાઈ ભી'ને અનુસરીને રાજ્ય સરકારે જનતાને બહુવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી છે. ગુજરાતમાં વિશ્વકક્ષાની તમામ સુવિધાઓ હોય તે વડાપ્રધાનશ્રીનું વિઝન રહ્યું છે. ઈન્ટરનેશનલ એરપોર્ટ, સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મેટ્રો ટ્રેન, ગિફ્ટ સિટી, મહાત્મા મંદિર અને નવ નિર્મિત રેલવે સ્ટેશન અને સાયન્સ સિટી ફેઝ-૨ પ્રકલ્પોથી ગુજરાતની વૈશ્વિક ઓળખ વધુ મજબૂત બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કોરોનાની બંને લહેરમાં ગુજરાત સહિત દેશનાં અન્ય રાજ્યોએ દૃઢતાપૂર્વક મુકાબલો કરી કઠિન પરિસ્થિતિઓમાં વિકાસનાં કામોની ગતિ મંદ પડવા દીધી નથી. ગુજરાતને અનેકવિધ પ્રોજેક્ટની ભેટ આપવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો મુખ્યમંત્રીશ્રીએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



ભાગ્યે જ ચૂકશે. જ્યારે ગઈકાલે મેં સોશિયલ મીડિયા પર એની તસવીરો પોસ્ટ કરી હતી, ત્યારે આ પ્રકારની ટિપ્પણીઓ મળી છે — આ પ્રકારની તસવીરો આપણને વિદેશોમાં જ જોવા મળી હતી. લોકોને વિશ્વાસ જ નથી આવતો કે આ તસવીરો ભારતની છે, ગુજરાતની છે. આજે આ કાર્યક્રમમાં મારો આગ્રહ છે કે, સાયન્સ સિટીમાં વધુ ને વધુ બાળકો આવે, વિદ્યાર્થીઓ આવે, શાળાઓના નિયમિત પ્રવાસો થાય, સાયન્સ સિટી બાળકોથી ગુંજતું રહે, એમાં જ એની સાર્થકતા છે. પછી જ એની ભવ્યતા વધશે.

## ટ્રેનો, પ્લેટફોર્મ્સ અને ટ્રેક અગાઉ કરતાં વધારે સ્વચ્છ રહે છે

મારા માટે આ આનંદની વાત છે કે, ગુજરાત અને ગુજરાતના લોકોનું ગૌરવ વધારતાં આ પ્રકારનાં અનેક કાર્યોનો આજે શુભારંભ થયો છે. આજે અમદાવાદ શહેરની સાથે સાથે ગુજરાતની રેલવે કનેક્ટિવિટી પણ વધારે આધુનિક અને વધારે સશક્ત થઈ છે. ગાંધીનગર અને વડનગર સ્ટેશનનું નવીનીકરણ હોય, મહેસાણા-વરેઠા લાઈન બ્રોડગેજ થઈ હોય અને એનું ઈલેક્ટ્રિફિકેશન હોય, સુરેન્દ્રનગર-પીપાવાવ સેક્શનનું ઈલેક્ટ્રિફિકેશન હોય, ગાંધીનગર કેપિટલ-વરેઠા મેમૂ સેવાની શરૂઆત હોય, કે પછી ગાંધીનગર કેપિટલ-વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસનો શુભારંભ હોય — આ તમામ સુવિધાઓ માટે ગુજરાતવાસીઓને અભિનંદન. ગાંધીનગરથી બનારસ વચ્ચે ટ્રેન — એક રીતે સોમનાથની ધરતીને વિશ્વનાથની ધરતી સાથે જોડવાનું બહુ મોટું કામ છે.

૨૧મી સદીના ભારતની જરૂરિયાત ૨૦મી સદીની કાર્યશૈલી સાથે પૂરી ન થઈ શકે. એટલે રેલવેમાં નવા પ્રકારના સુધારાની જરૂર હતી. અમે રેલવેને ફક્ત એક સર્વિસ તરીકે નહીં, પણ એક અસ્કામત તરીકે વિકસિત કરવા માટે કામ શરૂ કર્યું છે. આજે એનાં પરિણામ મળવા લાગ્યાં છે. આજે ભારતીય રેલવેની ઓળખ, એની સાખ બદલાવા લાગી છે. આજે ભારતીય રેલવેમાં સુવિધાઓ પણ વધી છે, સ્વચ્છતા પણ વધી છે, સુરક્ષા પણ વધી છે અને સ્પીડ પણ વધી છે. પછી એ માળખાગત સુવિધા હોય કે આધુનિકીકરણ હોય કે પછી નવી આધુનિક ટ્રેનો હોય — આ પ્રકારના અનેક પ્રયાસો ટ્રેનોની સ્પીડને વધારવા માટે થઈ રહ્યા છે. આગામી દિવસોમાં પ્રતિબદ્ધ ફ્રેઈટ કોરિડોર શરૂ થઈ જશે એટલે ટ્રેનોની સ્પીડમાં વધુ વધારો થશે. તેજસ અને વંદેમાતરમ્ જેવી આધુનિક ટ્રેનો તો આપણા ટ્રેક પર દોડવા લાગી છે. અત્યારે આ ટ્રેનો પ્રવાસીઓને એક નવો અને અદ્‌ભુત અનુભવ આપી રહી છે. વિસ્ટાડોમ કોચનો વિડિયો પણ તમે સોશિયલ મીડિયા પર જોયો હશે.

જે લોકો સ્ટેચ્યૂ ઓફ યુનિટી ગયા હશે, તેમને એનો લાભ મળ્યો જ હશે. આ કોચ પ્રવાસને સરળ અને આરામદાયક બનાવવાનો નવો અનુભવ આપે છે. ટ્રેનમાં પ્રવાસ કરતા તમામ લોકોને હવે એ અનુભવ પણ થઈ રહ્યો છે કે, આપણી ટ્રેનો, આપણાં પ્લૅટફૉર્મ્સ અને આપણા ટ્રેક અગાઉ કરતા વધારે સ્વચ્છ રહે છે. એમાં બહુ મોટું યોગદાન છે — ૨ લાખથી વધારે જૈવ-શૌચાલયોનું, જેને કોચમાં પણ સ્થાપિત કરવામાં આવ્યાં છે.

એ જ રીતે અત્યારે દેશભરમાં મુખ્ય રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ થઈ રહ્યું છે. ટિઅર ૨ અને ટિઅર ૩ શહેરોનાં રેલવે સ્ટેશનો પણ હવે વાઈ-ફાઈ સુવિધાઓ સાથે સંપન્ન થઈ રહ્યાં છે. સુરક્ષાના દૃષ્ટિકોણથી જોઈએ તો બ્રોડ ગેજ પર માનવરહિત રેલવે ક્રોસિંગનો સંપૂર્ણપણે અંત આવી ગયો છે. એક સમયે ભીષણ દુર્ઘટનાઓ અને અવ્યવસ્થાની ફરિયાદો માટે મીડિયામાં ચમકતી રહેતી ભારતીય રેલવે અત્યારે સકારાત્મક ઉપલબ્ધિઓને લઈને ચર્ચામાં છે. અત્યારે ભારતીય રેલવે દુનિયાના આધુનિક નેટવર્ક અને મેગા પ્રોજેક્ટ્સ માટે ચર્ચામાં છે. અત્યારે ભારતીય રેલવેને જોવાનો અનુભવ અને દૃષ્ટિકોણ બદલાઈ રહ્યાં છે. અને હું ગર્વ સાથે કહીશ કે અત્યારે આ પ્રોજેક્ટ — ભારતીય રેલવેના આ જ નવા અવતારની ઝાંખી છે.

## રેલવેનું હોરિઝોન્ટલ વિસ્તરણ જરૂરી

સાથીદારો, મારો આ સ્પષ્ટ મત રહ્યો છે કે, રેલવે દેશના દરેક ખૂણા સુધી પહોંચે. આ માટે રેલવેનું હોરિઝોન્ટલ વિસ્તરણ જરૂરી છે. સાથે સાથે રેલવેમાં ક્ષમતાનિર્માણ, સંસાધનોનું નિર્માણ, નવી ટેકનોલોજી અને શ્રેષ્ઠ સેવાઓ માટે વર્ટિકલ વિસ્તરણ પણ એટલું જ જરૂરી છે. શ્રેષ્ઠ ટ્રેક, આધુનિક રેલવે સ્ટેશન અને રેલવે ટ્રેકની ઉપર આલિશાન હોટેલ, ગાંધીનગર રેલવે સ્ટેશનનો આ પ્રયોગ ભારતીય રેલવેમાં એક સાર્થક પરિવર્તનની શરૂઆત છે. રેલવેમાં સફર કરતા સામાન્ય નાગરિકને પણ ઍરપોર્ટ જેવી સુવિધાઓ મળે, મહિલાઓ અને નાનાં બાળકોની વિશેષ જરૂરિયાતોને જોઈને તેમના



## હાલ રેલવે ઇતિહાસનો સુવર્ણયુગ કાળ ચાલી રહ્યો છે - રેલ મંત્રી શ્રી અશ્વિન વૈષ્ણવ

ગાંધીનગર નવનિર્મિત રેલવે સ્ટેશનના લોકાર્પણ પ્રસંગે રેલ મંત્રી શ્રી અશ્વિનભાઈ વૈષ્ણવે કહ્યું કે, રેલવેને વિસ્તૃત પરિવર્તન કરી નવી ઓળખ ઊભી કરવાનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો દૃઢ સંકલ્પ છે. ગાંધીનગર રેલવે સ્ટેશનનું રીડેવલપમેન્ટ અને રેલવે સ્ટેશન ઉપર જ પંચતારક હોટલનુ નિર્માણ તેમના સંકલ્પને મૂર્તિમંત કરે છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં રેલ વિકાસનો મહત્વનો ફાળો રહેલ છે, તેમ જણાવતા રેલ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, પ્રધાનમંત્રી શ્રીના સાત વર્ષના કાર્યકાળ દરમિયાન ભારતીય રેલમાં અનેકવિધ ફેરફારો આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે, રેલ ક્ષેત્રે અનેક માળખાગત સુવિધાઓ ઊભી કરવી, વંદેભારત, તેજસ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ટ્રેનની શરૂઆત, ગ્રીન રેલવે તેમજ અગાઉથી કાર્યરત રેલવેનું ઇલેક્ટ્રિફિકેશન જેવી વિવિધ કામગીરી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમિયાન હાથ ધરવામાં આવી છે. કોરોનાકાળમાં ભારતીય રેલવે ઑક્સિજન એક્સપ્રેસ બનીને જરૂરિયાતમંદો સુધી પ્રાણવાયુ સમો ઑક્સિજન પહોંચાડયો છે. હાલ રેલ્વે ઇતિહાસનો સુવર્ણયુગ કાળ ચાલી રહ્યો છે તેમ કહેવામાં કંઈ જ અતિશયોક્તિ નથી તેમ રેલવે મંત્રીએ ઉમેર્યું હતું.

માટે સારી વ્યવસ્થા હોય – આવું આધુનિક અને સુવિધાજનક સ્ટેશન અત્યારે દેશને ગાંધીનગરમાં મળ્યું છે.


ગાંધીનગરનું નવું રેલવે સ્ટેશન દેશમાં માળખાગત સુવિધાઓને લઈને માનસિકતામાં થઈ રહેલા પરિવર્તનને પણ દર્શાવે છે. લાંબા સમય સુધી ભારતમાં માળખાગત સુવિધાને લઈને પણ એક વર્ગભેદને પ્રોત્સાહન આપવામાં આવ્યું. હું તમને જણાવવા ઇચ્છું છું કે, તમે બધા ગુજરાતના લોકોને સારી રીતે જાણો છો. જ્યારે મને ગુજરાતમાં સેવા કરવાની તક મળી હતી, ત્યારે અમે લોકોએ એક પ્રયોગ કર્યો હતો. અમારાં જે બસ-સ્ટેશન છે, એ બસ સ્ટેશનોને આધુનિક બનાવવાની દિશામાં કામ કર્યું. સરકારી ખાનગી ભાગીદારી (પીપીપી)ના મોડલ પર કામ કર્યું. અત્યારે અમારા ગુજરાતમાં અનેક બસ-સ્ટેશનો આધુનિક બની ગયાં છે. ઍરપોર્ટ જેવી સુવિધાઓ બસ-સ્ટેશનો પર મળે છે.

જ્યારે હું દિલ્હી આવ્યો, ત્યારે મેં આપણા અધિકારીઓને, રેલવે અધિકારીઓને ગુજરાતનાં બસ-સ્ટેશનો જોવા મોકલ્યા હતા. મેં એમને સમજાવ્યા હતા કે આપણાં રેલવે સ્ટેશનો કેમ આવાં ન હોય. જમીનનો અસરકારક રીતે ઉપયોગ થાય, રેલવે સ્ટેશનો પર બહુ મોટી આર્થિક પ્રવૃત્તિ વિકસે અને રેલવે ટ્રેનની અવરજવરનું નહીં, પણ એક રીતે અર્થતંત્રનું ઊર્જાકેન્દ્ર બની શકે છે. જેમ ઍરપોર્ટનો વિકાસ થાય છે, તેમ ગુજરાતમાં બસ-સ્ટેશનોના વિકાસનું કામ થયું છે. એ જ રીતે અમે રેલવે સ્ટેશનોનો પણ સરકારી-ખાનગી-ભાગીદારીના મોડલ પર વિકાસ કરવાની દિશામાં અગ્રેસર થઈ રહ્યાં છીએ. આજે ગાંધીનગરમાં એની શરૂઆત થઈ છે. જનસુવિધાઓ માટે આ પ્રકારનું વર્ગીકરણ – આ ગરીબો માટે, આ ધનિકો માટે – આ બધી બેકાર વાતો છે. સમાજના દરેક વર્ગને વ્યવસ્થાઓ મળવી જોઈએ.

### વડનગર-મોઢેરા-પાટણ હેરિટેજ સર્કિટ હવે વધારે શ્રેષ્ઠ રેલવે સેવા સાથે જોડાઈ ગઈ છે

સાથીદારો, ગાંધીનગરનું આધુનિક રેલવે સ્ટેશન આ વાતનું પણ મોટું પ્રમાણ છે કે, રેલવેના સંસાધનોનો સદ્ઉપયોગ કરીને, એને આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર પણ બનાવી શકાય છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટ્રેક પર એવી હોટેલ બનાવી દીધી છે, જ્યાંથી રેલવે દોડતી દેખાય છે, પણ એનો અનુભવ થતો નથી. જમીન એટલી જ છે, પણ એનો ઉપયોગ બમણો થઈ ગયો છે. સુવિધા પણ શ્રેષ્ઠ, પર્યટન અને વેપારવાણિજ્ય પણ ઉત્તમ. જ્યાંથી રેલવે પસાર થાય છે, એનાથી મોટું મોકાનું સ્થાન બીજું કયું હોય?

આ રેલવે સ્ટેશનથી મહાત્મા મંદિરનું જે ભવ્ય દૃશ્ય દેખાય છે, દાંડીકુટિર દેખાય છે, એ પણ અદ્ભુત છે. જ્યારે દાંડીકુટિર મ્યુઝિયમમાં આવતા લોકો કે વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં આવતા લોકો એને જોશે, ત્યારે તેમના માટે આ પ્રવાસનસ્થળ બની જશે. વળી આજે રેલવેની જે કાયાપલટ થઈ છે, મહાત્મા મંદિરની લગોલગ થઈ છે, એના કારણે મહાત્મા મંદિરનું ગૌરવ પણ અનેકગણું વધી ગયું છે. હવે લોકો નાનીમોટી કોન્ફરન્સ કરવા માટે આ હોટેલનો



ઉપયોગ પણ કરશે, મહાત્મા મંદિરનો ઉપયોગ પણ કરશે. એટલે એક રીતે આખું વર્ષ અનેક કાર્યક્રમો માટે આ એક જાહેર વ્યવસ્થા મળી ગઈ છે. આ એરપોર્ટથી ૨૦ મિનિટના અંતરે છે. તમે કલ્પના કરી શકો છો કે, દેશવિદેશના લોકો એનો કેટલો ઉપયોગ કરી શકે છે.

તમે વિચારો, આખા દેશમાં રેલવેનું આટલું મોટું નેટવર્ક છે, મોટા પાયે સંસાધનો છે, એ રીતે કેટલી સંભાવનાઓ રહેલી છે. સાથીદારો, ભારત જેવા વિશાળ દેશમાં રેલવેની ભૂમિકા હંમેશા બહુ મોટી રહી છે. રેલવે એની સાથેસાથે વિકાસનું નવું પાસું, સુવિધાઓના નવા પાસાને લઈને પણ પહોંચે છે. છેલ્લાં થોડાં વર્ષોના પ્રયાસને પરિણામે અત્યારે પૂર્વોત્તર રાજ્યોની રાજધાનીઓ સુધી પહેલી વાર રેલવે પહોંચી રહી છે. ટૂંક સમયમાં શ્રીનગર પણ કન્યાકુમારી સાથે રેલવેના માધ્યમથી જોડાઈ જશે. આજે વડનગર પણ આ જ વિસ્તરણનો ભાગ બની ગયું છે. વડનગર સ્ટેશન સાથે મારી ઘણી યાદો જોડાયેલી છે. નવું સ્ટેશન ખરેખર બહુ આકર્ષક લાગે છે. આ નવી બ્રોડગેજ લાઇન બનવાથી વડનગર-મોઢેરા-પાટણ હેરિટેજ સર્કિટ હવે વધારે શ્રેષ્ઠ રેલવે સેવા સાથે જોડાઈ ગઈ છે. એનાથી અમદાવાદ-જયપુર-દિલ્હી મેઇન લાઇન સાથે સીધું જોડાણ થઈ ગયું છે. આ લાઇન શરૂ થવાથી આ સંપૂર્ણ વિસ્તારમાં સુવિધાઓની સાથે સાથે રોજગાર અને સ્વરોજગારની નવી તકો પણ ખૂલી ગઈ છે.

સાથીદારો, જો મહેસાણા-વરેઠા લાઇન આપણા સાંસ્કૃતિક વારસાથી આપણને જોડે છે, તો સુરેન્દ્રનગર-પીપાવાવ લાઇનનું ઇલેક્ટ્રિફિકેશન આપણને ભારતીય રેલવેના ભવિષ્ય સાથે જોડે છે. આ ભારતીય રેલવેના ઇતિહાસમાં સૌથી ઓછા સમયમાં પૂર્ણ થયેલા પ્રોજેક્ટ પૈકીનો એક છે. આ રેલવે લાઇન એક મહત્ત્વપૂર્ણ પોર્ટ કનેક્ટિવિટી રુટ હોવાની સાથે સાથે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર માટે ફીડર રુટ પણ છે. આ રેલવે માર્ગ પીપાવાવ પોર્ટથી દેશના ઉત્તરના વિસ્તારો માટે ડબલ સ્ટેક કન્ટેઇનર્સ ભરેલી માલગાડીની સતત અવરજવર સુનિશ્ચિત કરશે.

**નવા ભારતની વિકાસની ગાડીના બે ટ્રેક આધુનિકતા અને લોકકલ્યાણ**

દેશમાં પ્રવાસ હોય કે પછી ચીજવસ્તુઓનું પરિવહન હોય – અત્યારે ૨૧મી સદીના ભારતની પ્રાથમિકતા છે – ઓછો સમય, ઓછો ખર્ચ અને શ્રેષ્ઠ સુવિધા. એટલે અત્યારે દેશ મલ્ટિમોડલ કનેક્ટિવિટી તરફ અગ્રેસર થઈ રહ્યો છે. આ માટે એક વિસ્તૃત રોડમેપ પર કામ ચાલી રહ્યું છે. મને વિશ્વાસ છે કે, પરિવહનના અલગ-અલગ માધ્યમને જોડીને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી આત્મનિર્ભર ભારતના અભિયાનને વધુ વેગ આપશે.

સાથીદારો, નવા ભારતના વિકાસની ગાડી બે ટ્રેક પર એકસાથે દોડીને જ આગળ વધશે. એક ટ્રેક આધુનિકતાનો, બીજો ટ્રેક ગરીબ, ખેડૂત અને મધ્યમ વર્ગના કલ્યાણનો. એટલે અત્યારે ભારતમાં એક તરફ ભવિષ્ય માટેની માળખાગત સુવિધાના નિર્માણ પર પૂરજોશમાં કામ ચાલી રહ્યું છે, તો બીજી તરફ એનો લાભ ગરીબોને, ખેડૂતોને, મધ્યમ વર્ગને મળે એ સુનિશ્ચિત થઈ રહ્યું છે.

**રસીકરણ સાથે સંબંધિત આપણા લક્ષ્યાંકો આપણે ઝડપથી પાર પાડી શકીશું**

ભાઈઓ અને બહેનો, ગુજરાત અને દેશના વિકાસના આ કાર્યો વચ્ચે આપણે કોરોના જેવી મહામારીનું પણ ધ્યાન રાખવાનું છે. ગત દોઢ વર્ષમાં ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારીએ આપણા તમામના જીવનને મોટા પાયે પ્રભાવિત કર્યું છે. કોરોના સંક્રમણે અનેક સાથીદારોને આપણી પાસેથી અકાળે છીનવી લીધા છે. પણ એક રાષ્ટ્ર સ્વરૂપે આપણે સંપૂર્ણ સામર્થ્ય સાથે એનો મુકાબલો કરી રહ્યા છીએ. ગુજરાતે પણ બહુ પરિશ્રમ સાથે સંક્રમણને આગળ વધતું અટકાવ્યું છે.

હવે આપણે આપણા આચરણથી અને ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ તથા રસીકરણના મંત્ર સાથે કોરોના સંક્રમણના દરને નીચો રાખવાનો છે. એટલે બહુ સાવધાન અને સતર્ક રહેવાની જરૂર છે. સાથે સાથે આપણે રસીકરણની પ્રક્રિયાને સતત વધારવાની જરૂર છે. મને ખુશી છે કે, ગુજરાત ૩ કરોડ રસીના ડોઝ આપવાના તબક્કામાં પહોંચવાની નજીક છે. કેન્દ્ર સરકારે રસીની ઉપલબ્ધતા સાથે જોડાયેલી જાણકારી અગાઉથી વહેંચવાની શરૂઆત કરી છે, એનાથી ગુજરાતને રસીકરણ કેન્દ્રના સ્તરની વ્યૂહરચના બનાવવામાં મદદ મળી છે. તમામના પ્રયાસો સાથે રસીકરણ સાથે સંબંધિત આપણા લક્ષ્યાંકો આપણે ઝડપથી પાર પાડી શકીશું, આ જ વિશ્વાસ સાથે ફરી એક વાર નવી યોજનાઓ માટે તમને બધાને અભિનંદન. ધન્યવાદ !





# પાંચ વર્ષ આપણી સરકારનાં સૌના સાથ સૌના વિકાસનાં

## મેગા પ્રોજેક્ટ

- ૧૫૦૦ કિલોમીટર ડિએફસીમાંથી ૩૮ ટકા ગુજરાતમાંથી પસાર થાય છે.
- ફ્રેઈટ કોરીડોરની ૧૫૦ કિલોમીટરની બન્ને બાજુ હાઈ ઈમ્પેક્ટ ઔદ્યોગિક વિસ્તારોનું નિર્માણ
- સુરત ડાયમંડ બુર્શ વિશ્વની સૌથી મોટી ઓફિસ ઈમારતોમાંની એક અને તમામ હીરા વેપાર પ્રવૃત્તિઓનું ધમધમતું કેન્દ્ર બની રહેશે.
- રાજ્યનાં ૬ શહેરોને સ્માર્ટ શહેરો તરીકે વિકસાવાશે.
- અમદાવાદ, સુરત, રાજકોટમાં બીઆરટીએસની સવલત
- ૨૪ અબજ રૂપિયાની કિંમતે સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ દેશ અને દુનિયાનું નજરાણું બની રહ્યો છે.
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ પરિવહનના નવતર સીમાડા સર કરી રહ્યો છે.
- શહેરી આવાસ ક્ષેત્રે સબસિડી વિતરણમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- ગુજરાતમાં ગાંધીનગર નજીક ગિફ્ટ સિટી નયા ભારતના સ્વપ્નને સાકાર કરી રહ્યું છે.
- માંડલ, બેચરાજી અને ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ ઝોન
- અમદાવાદ - મુંબઈ હાઈસ્પીડ રેલ બે મેગાસિટી વચ્ચે ઝડપી પરિવહનથી વિકાસના નવતર સીમાડા સર કરશે.


## કૃષિ

### વાવણીથી વેચાણ સુધી ખેડૂતને પડખે ગુજરાત સરકાર

- વાવણી માટે ધિરાણ : કૃષિ ધિરાણ પર ૦ ટકા વ્યાજ
- ખેડૂતો બિયારણ, ખાતર તેમજ અન્ય જરૂરી ખર્ચ માટે મેળવી રહ્યા છે શૂન્ય ટકાના વ્યાજ દરે કૃષિ ધિરાણ
- ૧૫ લાખથી વધુ ખેડૂતોને મળ્યો છે લાભ
- વ્યાજદર સહાય માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી કિસાનનિધિ યોજના હેઠળ દરેક ખેડૂત પરિવારને દર વર્ષે રૂ. ૬૦૦૦ની મળી રહી છે સહાય. ૫૩ લાખ ખેડૂતોને મળી રહ્યો છે લાભ. કુલ રૂ. ૪૫૦૦ કરોડની સહાય.

### કૃષિ ઉપકરણોની સહાય

- ખેતીમાં આધુનીકરણ લાવવા માટે કૃષિને લગતાં સાધનો ઉપર ખેડૂતોને સહાય આપવામાં આવે છે.
- ટ્રેકટરની ખરીદી પર સરકાર દ્વારા કિંમતના ૨૫ ટકા જેટલી રકમની સહાય. ૧,૦૧,૬૦૯ ખેડૂતોને ટ્રેકટરની ખરીદી માટે રૂ. ૪૮૦ કરોડની રાહત
- ખેડૂતોના મહામૂલા પાકને જંગલી પ્રાણીઓથી બચાવવા માટે તારની વાડ લગાવવા માટે ખેડૂતોને ગુજરાત સરકાર દ્વારા રૂ. ૩૫૦ કરોડની સહાય.



- કૃષિ ઉપકરણો માટે છેલ્લાં ચાર વર્ષમાં ૩ લાખથી વધુ ખેડૂતોને મળ્યો છે લાભ. આ પેટે રૂ. ૧૦૦૦ કરોડથી વધુની નાણાકીય સહાય.

### ગુણવત્તાસભર બિયારણ અને પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતરો

- એક જમાનો હતો કે જ્યારે ગુજરાતનો ખેડૂતો ખાતર માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહેતા હતા છતાં ખાતર એક વખત મેળવવામાં ફાંફા પડતા હતા. હવે છેલ્લા દાયકાથી ગુજરાતમાં રાસાયણિક ખાતરની અછત સર્જાઈ નથી. ખેડૂતો માટે પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર ઉપલબ્ધ છે.
- રાજ્યમાં રાસાયણિક ખાતરની વિતરણ વ્યવસ્થા અંગે સુદૃઢ માળખું : રાજ્યમાં કુલ ૧૫ જેટલી સરકાર માન્ય મુખ્ય ખાતર વિતરણ સંસ્થાઓ. ૮૩૯ જેટલા હોલસેલર તેમજ ૮૮૬૦ જેટલા સક્રિયા ખાતર વિક્રેતાઓ કાર્યરત.
- રૂ. ૨૨,૦૦૦ કરોડથી વધુની રાસાયણિક ખાતર પર સબસિડી.

### પર્યાપ્ત વીજળી અને પાણી

- દરેક ખેતરને સિંચાઈ માટે પાણી અને વીજળી મળે તેવી વ્યવસ્થા ગુજરાત સરકારે કરી છે.
- વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં કુલ ૩૭.૯૬ લાખ હેકટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હતી જે વર્ષ ૨૦૨૦માં વધીને ૬૮.૨૯ લાખ હેકટર સુધી પહોંચી છે.
- સુજલામ્ - સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને મળી રહ્યો છે સિંચાઈનો લાભ.
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રના લાખો હેકટર જમીનને મળશે સિંચાઈનો લાભ.
- આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી.
- સુજલામ્ - સુફલામ્ જળ અભિયાનથી ૨૩૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ થતાં રવિ પાકનું વાવેતર ૧૦૫ ટકાએ પહોંચ્યું.
- કૃષિ માટેની જ્યોતિગ્રામ યોજનાથી ૧૬ લાખથી વધુ કૃષિ વિષયક જોડાણો અપાયાં. ખેડૂતોને વીજળી મળતાં સિંચાઈ ક્ષમતામાં થયો વધારો.
- ૮ હેકટરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને ૨ ખેત વીજ કનેક્શન અપાયાં.
- રાજ્યના અંદાજે ૬.૭૪ લાખ ઉપરાંત વીજગ્રાહકો પાસેથી વીજ બીલની બાકી નીકળતી રૂ. ૬૯૧ કરોડની રકમ ભરવામાંથી મુક્તિ. ખેડૂતો, ગરીબો અને મધ્યમ વર્ગના વીજગ્રાહકોને લાભ.
- અગાઉ વીજ બિલના નામે માત્ર વાતો થતી હતી જ્યારે આજની વર્તમાન સરકારે રૂ. ૭૭ કરોડના વધારાનો બોજ ઉઠાવીને બે લાખ ધરતીપુત્રોને એક સમાન વીજ દર રૂ. ૬૬૫ના પ્રતિ હોર્સ પાવરના દરે વીજળી આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

### ટેકાના ભાવે ખેત ઉત્પાદનોની ખરીદી

- કેન્દ્ર તથા રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી ખેતપેદાશોના ટેકાના ભાવોમાં નોંધપાત્ર વધારો.
- મગફળીના ભાવમાં એક મણે રૂ. ૧૦૦નો વધારો, ડાંગર ગ્રેડ-એના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂ. ૩૨૦નો, ડાંગર કોમનના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂ. ૩૪૦નો, બાજરીના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂ. ૫૫૦ તથા મકાઈના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂ. ૫૭૫નો વધારો.
- ખેડૂતોના કપાસ, મગફળી, ડાંગર, ઘઉં, તુવેર, શેરડી, મગ, ચણા જેવા વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી.
- છેલ્લાં ૪ વર્ષમાં ૩૮ લાખ ખેડૂતો પાસેથી ૩૨ લાખ ટન કરતાં વધારે ખેતપેદાશોની ખરીદી કરી રૂ. ૧૫,૯૦૦ કરોડની ચુકવણી કરવામાં આવી છે.

### પશુપાલન ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

- રાજ્યના મહામૂલા પશુધનના રક્ષણ અને સંવર્ધન માટે બે નવી વેટરનરી પોલિટેકનિક કાર્યરત.
- રાજ્યના તમામ જિલ્લામાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવાનો નિર્ણય : અબોલ પશુઓને સઘન સારવાર સુવિધા.
- ૧.૫૦ કરોડ પશુઓને ખરવા મોવાસા રોગની રસી આપવામાં આવી.



### અછતગ્રસ્ત ખેડૂતો માટે ખાસ સહાય પેકેજ

- ૨૩ લાખ ખેડૂતો અને પશુપાલકો માટે રાજ્ય સરકારે રૂ. ૨,૨૮૫ કરોડની કરી ફાળવણી.
- રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે તથા તેમને સમયસર મદદ પહોંચાડવા જાન્યુઆરી માસના બદલે ઓક્ટોબર માસમાં જ અછત જાહેર કરવાનો ક્રાંતિકારી નિર્ણય.
- ૧૨૫ મિ.મી.થી ઓછા વરસાદને જ અછતગ્રસ્ત તાલુકા તરીકે જાહેર કરવામાં આવતા હતા તેના બદલે રાજ્ય સરકાર દ્વારા ૪૦૦ મિ.મી. કે તેથી ઓછા વરસાદવાળા તાલુકાને પણ અછતગ્રસ્ત જાહેર કરાયા.
- બે દાયકા પહેલાં માંડ ૫-૫ વર્ષે એક સાથે ખેડૂતોને અડધીપડધી પાક વીમાની રકમ આપવામાં આવતી હતી જ્યારે આજે ખેડૂતોને દર વર્ષે પાક વીમાની પૂરી રકમ મળે છે. ૨૨.૨૪ લાખ ખેડૂતોના રૂ. ૫,૨૩૧ કરોડના દાવાની ચુકવણી.
- ચાર વર્ષમાં ખેડૂતોને કુલ રૂ. ૫૫૦૦ કરોડની પ્રીમિયમ સબસિડી

### સૂર્યશક્તિ કિસાન યોજના

- ખેડૂતો સૂર્યપ્રકાશ દ્વારા ખેતરમાં જ વીજળી ઉત્પન કરી ૧૨ કલાક વીજળી મેળવી શકે અને વધારાની વીજળીનું વેચાણ કરી કાયમી આવક મેળવી શકે તે માટે સૂર્યશક્તિ યોજનાનો રાજ્ય સરકાર દ્વારા અસરકારક અમલ.

### કૃષિ ક્ષેત્રે ગુજરાતે પ્રસ્થાપિત કરી છે આગવી ઓળખ


- ૯.૩ ટકા સરેરાશ કૃષિ વિકાસદર સાથે ગુજરાત દેશમાં મોખરે.
- વર્ષ ૨૦૧૧માં રાજ્યના GDPમાં કૃષિ ક્ષેત્રનું યોગદાન રૂ. ૧૪૭૬૩ હતું જે વર્ષ ૨૦૨૦માં ૧૨ ગણું વધીને રૂ. ૧.૭૦ લાખ કરોડ થયું.
- કપાસ અને મગફળીના ઉત્પાદનમાં ૩૧ ટકા ફાળા સાથે ગુજરાત નંબર વન
- દિવેલાના ૮૫ ટકા ઉત્પાદન સાથે દેશમાં ગુજરાત નંબર વન
- વરિયાળી અને જીરુંના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન
- પપૈયા અને દાડમના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર
- પપૈયાં, લીંબુ અને ચીકુના વાવેતરમાં દેશમાં ગુજરાત નંબર વન
- શાકભાજીના પાકમાં ભીંડાના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત નંબર વન
- આદું અને હળદર ઉત્પાદકતામાં ગુજરાત દેશમાં નંબર વન
- ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં દેશભરમાં ગુજરાત પ્રથમ
- ખેડૂતોને ઝીરો ટકા દરે પાક ધિરાણ આપનાર ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય.
- ખેડૂતોને વીજબીલની ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાંથી માફી આપનાર સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય.
- ૧૩૫.૬૯ લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત દેશભરમાં અગ્રહરોળમાં છે.

### ગુજરાતનું ગૌરવ, કૃષિવિકાસ...

- ગુજરાતમાં ખેડૂતોને આજે ૭૧ લાખ હેકટર ઉપરાંત વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. ખૂબ ઓછા પાણીથી સારી ગુણવત્તાનો પાક મેળવવા માટે રાજ્યમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોને ટપક સિંચાઈ, ફુવારા સિંચાઈ જેવી સૂક્ષ્મ સિંચાઈ સુવિધાનો લાભ આપવામાં આવ્યો છે.
- નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો મંત્ર છે કે, ખેડૂત સમૃદ્ધ તો ગામડાં સમૃદ્ધ અને ગામડાં સમૃદ્ધ તો શહેરો સહિત આખું ગુજરાત સમૃદ્ધ.
- વર્ષ ૧૯૯૪-૯૫માં રાજ્યનું કૃષિ બજેટ રૂ. ૩૯૮.૩૪ કરોડ જ હતું જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતનું કૃષિ બજેટ ૧૮ ગણા વધારા સાથે રૂ. ૭૭૨૩ કરોડ થયું છે.

## મહિલા સશક્તીકરણ

- મહિલાઓની સુરક્ષા માટે શરૂ કરવામાં આવેલી '૧૮૧'- અભયમ્ હેલ્પ લાઈનનો પાંચ લાખ જેટલી મહિલાઓએ લાભ લીધો. આશરે ૫,૨૫,૮૪૬ જેટલી પીડિત મહિલાઓને મદદ પહોંચાડવામાં આવી, જ્યારે ૧,૦૪,૮૧૭ મહિલાઓને રેસ્ક્યુ વાન વડે મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઉગારવામાં આવી.
- રાજ્ય સરકાર દ્વારા મહિલાઓમાં રહેલા ખેલ કૌશલ્યને



પ્રોત્સાહન આપવા સ્પોર્ટ્સ સ્કોલરશિપ યોજના અંતર્ગત રાજ્યકક્ષાએ પ્રથમ આવનાર તથા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ આવનાર મહિલા રમતવીરને વાર્ષિક રૂ. ૪૮૦૦ તથા દ્વિતીય ક્રમે આવનાર ખેલાડીને રૂ. ૩૬૦૦ અને તૃતીય ક્રમે આવનારને વાર્ષિક રૂ. ૨૪૦૦ની સ્કોલરશિપ.

- રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦૦૦ની વિધવા પેન્શન સહાયમાં રૂ. ૨૫૦નો વધારો કરવાનો સંવેદનશીલ નિર્ણય. છેલ્લાં ચાર વર્ષમાં ૭,૬૬,૭૪૦ વિધવા બહેનોને પેન્શન સહાય.
- રાજ્યની ૫૩,૦૦૦થી વધુ આંગણવાડી કાર્યકર બહેનોને મળતા પગારમાં પ્રતિમાસ રૂ. ૯૦૦નો વધારો કરી રૂ. ૭૨૦૦ આપવાનો સંવેદનશીલ નિર્ણય. તેડાગર બહેનોને મળતા પગારમાં રૂ. ૪૫૦નો પ્રતિમાસ વધારો કરી રૂ. ૩૬૫૦ આપવાનો રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત માતા-બાળકના મૃત્યુદરમાં ઘટાડો કરવાના સઘન પ્રમાણના ભાગરૂપે સગર્ભા માતાઓને રૂ. ૬૦૦૦ની સહાય. છેલ્લાં પાંચ વર્ષમાં ૩,૮૬,૭૧૪ સગર્ભા માતાઓને લાભ મળ્યો છે.
- રાજ્યના અંતરિયાળ વિસ્તારોની માતા-દીકરીઓ અને બાળકોની તંદુરસ્તી-સુખાકારી માટે રાજ્ય સરકારે પૂર્ણા યોજના અમલી બનાવી છે. આ યોજના માટે સરકારે ૨૭૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ૭૪,૦૭,૨૪૯ કિશોરીઓને આ યોજનાનો લાભ મળ્યો છે.
- રાજ્ય સરકારનો શિશુ અને માતાને દવાખાનેથી પોતાના ઘર સુધી પહોંચાડવા વાનની વિશિષ્ટ સુવિધા માટે ખિલખિલાટ યોજનાનો અસરકારક અમલ. રાજ્ય સરકાર દ્વારા નવી ૨૦૦ ખિલખિલાટ વાનની ખરીદી.
- વિવિધ મહિલા કલ્યાણ યોજના અંતર્ગત મહિલાઓને કાનૂની સમસ્યાઓ માટે માર્ગદર્શન અને રોજગારી માટે તાલીમ દ્વારા મહિલાઓનું સશક્તીકરણ. છેલ્લાં ચાર વર્ષમાં ૪,૯૨,૩૭૩ ઉપરાંત મહિલાઓને સામાજિક માર્ગદર્શન અને ૨,૦૦,૯૬૮ મહિલાઓને કાયદાકીય સહાય આપવામાં આવી.
- ઘરેલુ હિંસા તથા અન્ય સમસ્યાઓથી પીડિત અને જરૂરિયાતમંદ મહિલાઓને પોલીસ સ્ટેશન કેમ્પસમાં જ આવશ્યક કાઉન્સેલીંગ દ્વારા યોગ્ય માર્ગદર્શન માટે પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના દ્વારા મહિલાઓને સુરક્ષા અને સલામતીની ખાતરી. છેલ્લાં ચાર વર્ષમાં કુલ ૧૮,૩૬૪ જેટલી પીડિત મહિલાઓને મળ્યો લાભ.
- પૂર્ણા યોજનાનો અસરકારક અમલ : ૧૫-૧૮ વર્ષની શાળા જતી અને શાળાએ ન જતી કિશોરીઓને પોષણ અને બિન-પોષણ વિષયક સેવાનો લાભ. કુલ ૧૧,૯૮,૩૦૭ ઉપરાંત કિશોરીઓને લાભ આપવામાં આવ્યો છે.
- રાજ્ય સરકાર દ્વારા દીકરીઓના જન્મદર વધારવા, શિક્ષણને ઉત્તેજન આપવા, ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા અને દીકરીઓનું સમાજમાં સ્થાન અને હિસ્સેદારી મજબૂત થાય તેવા ઉદ્દેશ્યથી સમગ્ર રાજ્યમાં વ્હાલી દીકરી યોજના અમલમાં. રૂ. ૧૩૩ કરોડની ફાળવણી.
- રાજ્યમાં મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ બહેનોને તાત્કાલિક એક જ સ્થળેથી તમામ પ્રકારની સુવિધા જેવી કે રાહત, બચાવ, કાનૂની માર્ગદર્શન, મનોવૈજ્ઞાનિક પરામર્શ અને આશ્રય જેવી સુવિધા મળી રહે તેવા ઉમદા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં સખી-વન સ્ટોપ સેન્ટર કાર્યરત. ૭૨૬૧ બહેનોને સહાય.
- ગુજરાત મહિલા આયોગ દ્વારા મહિલા હેલ્પલાઇન નંબર-૧૮૦૦૨૩૩૧૧૧૧ની સુવિધા. જેમાં ૧૨૦૭૮ થી વધુ મહિલાઓને ફોનથી કાઉન્સીલીંગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- રાજ્યભરમાં ૨૭૦ નારી અદાલતો કાર્યરત. નારી અદાલતો દ્વારા ૧૨૪૭૭ ઉપરાંત કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.
- 'કવચ' કાર્યક્રમ અંતર્ગત ૧૨,૦૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને 'ગુડ ટચ બેડ ટચ' અને 'સેલ્ફ ડિફેન્સ'ની તાલીમ.
- રાજ્યનાં બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓના સ્વાસ્થ્યની દરકાર માટે સરકારે પોષણક્ષમ આહાર આપવાની યોજના અસરકારક રીતે અમલમાં મૂકી છે. છેલ્લાં ચાર વર્ષમાં ઝીરોથી છ વયની વયજૂથનાં




૩૨ લાખ બાળકો અને ૧૩ લાખ કિશોરીઓને તેમજ ૭.૫ લાખ સગર્ભા ધાત્રી માતાઓના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે પોષણક્ષમ આહાર આપવામાં આવ્યો છે.

- આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો તથા ધાત્રી માતાઓ સહિત ૩૦ લાખ જેટલા લાભાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ છેલ્લા ચાર વર્ષ દરમિયાન આપવામાં આવ્યો છે.
- જનની સુરક્ષા યોજના અન્વયે છેલ્લાં ચાર વર્ષમાં ૮.૫૦ લાખ ગર્ભવતી મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવી છે.
- મહિલા વિરોધના ગુનાઓની ઝડપી તપાસ અને નિકાલ માટે ૨૬ સ્પેશ્યલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા મહિલા આરક્ષણ માટે બેઠકો સુનિશ્ચિત કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- મહિલાઓની સુરક્ષા માટે મંગળસૂત્ર, ચેઈન અને કીમતી ઘરેણાં સ્નેચિંગની ઘટનાઓને અંકુશમાં લેવા માટે આઈ.પી.સી.ની કલમમાં નવી કલમ ઉમેરી કડકમાં કડક સજા કરવાનો કાયદો રાજ્ય સરકારે ઘડ્યો છે.
- બાળકીઓ અને મહિલાઓ ઉપર થતા દુષ્કર્મના કેસમાં ફાંસીની સજા માટે બે મહિનાના ગાળામાં ચાર્જશીટ અને ટ્રાયલ પૂર્ણ થાય અને રોજેરોજ કેસ ચલાવવામાં આવે એ પ્રકારનો મક્કમ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.
- રાજ્યની ૧૫૧ કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૧૫ હજાર કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ, હોસ્ટેલ અને ભોજનની સુવિધા રાજ્ય સરકારે આપી છે.

## યુવાશક્તિ

- રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષમાં યોજાયેલા ખેલ મહાકૂંભને મળી અદ્‌ભુત સફળતા. વર્ષ ૨૦૧૬માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ૩૦૬૪૩૨૯, ૨૦૧૭માં ૩૧,૨૭,૯૪૭, વર્ષ ૨૦૧૮માં ૩૫,૪૪,૫૪૭, વર્ષ ૨૦૧૯માં ૩૯,૩૨,૯૦૩ રમતવીરોએ ભાગ લીધો છે.
- શક્તિદૂત યોજના અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં ૨૩૬ ખેલાડીઓની પસંદગી કરી રૂ. ૧૩૨૩.૨૪ લાખની સહાય આપવામાં આવી છે.
- લર્નિંગ વિથ અર્નિંગના કોન્સેપ્ટ સાથે યુવાનોના હિતની સુપેરે દરકાર કરતી રાજ્ય સરકારે ૭૫,૦૦૦ કરતાં વધુ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજનાનો લાભ આપ્યો છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યના બિનઅનામત કક્ષામાં આવતાં સામાન્ય અને મધ્યમ વર્ગના ૧.૧૦ લાખ કરતાં વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૩૭૫ કરોડથી વધુ રકમની સહાય આપવામાં આવી છે.
- બિનઅનામત કક્ષામાં આવતા રાજ્યના હોનહાર યુવકોને શિક્ષણ અને રોજગારીનો લાભ આપવા માટે બિનઅનામત આયોગની રચના કરવામાં આવી છે. બિનઅનામત વર્ગમાં આવતાં ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનોને શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે ૧૦ ટકા આરક્ષણનો કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયનો ગુજરાતે સૌપ્રથમ સુદૃઢ અમલ કર્યો છે.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અભિનવ વિચારથી શાળાકક્ષાએ ટેકનોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઈન્ટરેક્ટિવ શિક્ષણ આપવાનો નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. રાજ્યના ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ઈ-ક્લાસ દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે.
- છેલ્લાં ચાર વર્ષમાં મેડિકલ અને એન્જિનિયરિંગ અને ઉચ્ચ શિક્ષણની બેઠકોમાં નોંધપાત્ર કહી શકાય તેવો ત્રણગણો વધારો કર્યો છે.
- એમબીબીએસ, ડિપ્લોમા, અનુસ્નાતક સંશોધન જેવા ટેકનિકલ પેરામેડિકલ પ્રોફેશનલ વગેરે કોર્સિસ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા ઈચ્છતા વિદ્યાર્થીઓને રૂ. ૧૫ લાખની લોન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય સરકારે કર્યો છે.
- રાજ્યના યુવાનોના કૌશલ્યનિર્માણ માટે સમગ્ર ગુજરાતમાં ૭૫૦થી વધુ કૌશલ્યનિર્માણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે.
- યુપીએસસી, જીપીએસસી વર્ગ ૧-૨ અને ૩ ગૌણ સેવા



પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ, ભારત સરકારના રેલવે, બેન્ક વગેરેમાં ભરતી પરીક્ષાની તાલીમ માટે સરકારે રૂ. ૨૦,૦૦૦ સુધીની સહાય આપવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો છે.

- એમએસએમઈના વિકાસ દ્વારા છેલ્લાં ચાર વર્ષમાં ૩૦ લાખ કરતાં વધુ કારખાનાંઓનો વિકાસ કરીને ૭૩ લાખ ઉપરાંત યુવાનોને રોજગાર-સ્વરોજગારની સવલતો પૂરી પાડવામાં આવી છે.
- ગુજરાતના યુવાનોને રોજગારીની વિપુલ તકો સાંપડે તે માટે રાજ્યભરમાં મોટા પાયે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લાં ચાર વર્ષમાં રોજગાર ભરતી મેળાના માધ્યમથી ૧૧ લાખ જેટલા યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે.
- સરકારી સેવામાં યુવાનોની ભરતી કરીને સરકારી સેવાઓને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવામાં આવી છે. છેલ્લાં ચાર વર્ષમાં ૧.૧૮ લાખ યુવાનોને સરકારી સેવામાં નિયુક્તિ આપવામાં આવી છે. હજુ આગામી સમયમાં ૩૮ હજારથી વધુ ભરતીનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.
- દેશભરમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે છેલ્લાં ચાર વર્ષમાં મહિલા રોજગાર મેળા યોજીને આર્થિક રીતે મહિલાઓના સશક્તિકરણનું અદ્ભુત કાર્ય કર્યું છે.
- કારીગર તાલીમ યોજનાનો અસરકારક અમલ કરીને ૬૮૯ આઈટીઆઈમાં ૧.૮૮ લાખ બેઠકો ઉપર વિવિધ રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં યુવાનોને તાલીમ આપવામાં આવી રહી છે.
- દેશમાં સૌપ્રથમ વાર રાજ્યનાં ૧૯ ITOT સંસ્થાઓને વિવિધ ટ્રેડ-સેક્ટર્સમાં ક્રાફ્ટસમેન ઈન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સ્કીમની તાલીમ આપવા માટે ITOT કેન્દ્રોને મંજૂરી
- પારદર્શીય વહીવટ અને યોજનાના લાભાર્થીઓના સરળ ઉપયોગ માટે રાષ્ટીય કક્ષાનું 'એપ્રેન્ટિસશિપ પોર્ટલ' કાર્યરત : ગુજરાત રાજ્ય ૧૮,૧૬૮ એકમોની પોર્ટલ પર નોધણી સાથે સમગ્ર દેશમાં સૌ પ્રથમ છે.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના અન્વયે વર્ષ : ૨૦૧૮-૧૯માં ગુજરાત રાજયમાં કુલ ૭૭૫૭૪ અને ૨૦૧૯-૨૦માં ૫૦,૦૮૫ એપ્રેન્ટિસોની ભરતી કરવામા આવી છે.
- ગુજરાતના યુવાનોને ખાનગી ક્ષેત્રે રોજગારી મળી રહે તે માટે ભરતીમેળાઓનું આયોજનઃ ૨૦૮૫ ભરતી મેળાના આયોજન થકી કુલ ૪,૪૫,૧૫૩ યુવાનોને રોજગારી આપવામાં આવી છે.
- છેલ્લાં ચાર વર્ષમાં ૧૨ લાખથી વધુ યુવક-યુવતીઓને ૫૬૫૦ જેટલા ભરતી મેળા દ્વારા રોજગારી આપવામાં આવી.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના અંતર્ગત ૭૨ હજારથી વધુ યુવાનોને ઔદ્યોગિક ઉત્પાદન સાથે જોડવામાં આવ્યા.
- એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ દ્વારા રોજગારી નિર્માણ કરવામાં ૮૧ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.


## વંચિત વિકાસ

- ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અતંર્ગત વર્ષ ૧૯૮૦થી ૨૦૦૦ના સમયગાળામાં માત્ર ૫૨૨૧૩ જેટલા લોકોને જ આ યોજનાનો લાભ મળ્યો હતો, જ્યારે છેલ્લાં ચાર વર્ષમાં ૧૦૬૬૨૧ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો છે.
- સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત, વિચરતી – વિમુક્ત જાતિઓ અને લઘુમતી વર્ગના ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને ગણવેશ સહાય વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરવાનો રાજ્ય સરકારનો પારદર્શી નિર્ણય. ૪૪૮.૮૦ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૩૭૧.૭૩ કરોડની જ્યારે ૩૭૭.૭૭ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૯૩૭.૧૫ કરોડની શિષ્યવૃત્તિ સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.
- રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં ૨૯૮૩૧ દીકરીઓને આ યોજના હેઠળ સહાય આપવામાં આવી છે. .
- શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના અંતર્ગત ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓને એક જ કેમ્પસમાં રહેવા, જમવા અને અભ્યાસની સગવડો આપવા માટે ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ૮૮ આશ્રમશાળાઓ કાર્યરત,



જેમા ૧૦૫૭૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

- સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાતવર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિના ૧.૮૨ લાખ કુટુંબોને પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રૂ. ૫૧૩.૪૨ કરોડની સહાય.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિઓના શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ અને આરોગ્ય, વસવાટ અંગેના સર્વાંગીણ વિકાસ માટે રૂ. ૧૯૩૭.૧૯ કરોડની નોંધપાત્ર ફાળવણી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી નિમિતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને ઠાકોર અને કોળી વિકાસ નિગમના ૨૫,૪૯૧ લાભાર્થીઓનું રૂ. ૧૬૯.૦૭ કરોડનું વ્યાજ માફ કરવા વન ટાઈમ સેટલમેન્ટ યોજનાનો અમલ.
- બક્ષીપંચ જાતિના ઉમેદવારાને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક હેતુ માટેની નોન ક્રિમિલેયર માટેની વાર્ષિક આવકમર્યાદા રૂ. ૬.૦૦ લાખથી વધારીને રૂ. ૮.૦૦ લાખ કરવામાં આવી છે.
- પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં મકાન બાંધવા માટે રૂ. ૭૦,૦૦૦/- નાણાકીય સહાયમાં નોંધપાત્ર વધારો કરી મકાન બાંધવા માટે રૂ. ૧.૨૦ લાખની સહાય.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની ભરતીની સ્પાર્ધત્મક પરીક્ષાની તૈયારી માટે રૂ. ૨૦,૦૦૦/- કોચીંગ સહાય આપવાની યોજના શરૂ કરવામાં આવી છે.
- છેલ્લાં ૪ વર્ષમાં ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પે સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને ઠાકોર અને કોળી વિકાસ નિગમ તેમજ વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમના લાભાર્થીઓને નાના પાયાના રોજગાર-ધંધાઓ માટે રૂ. ૧૬૦.૦૦ કરોડની સહાય.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી-વિમુક્ત જાતિઓ અને લઘુમતીઓના ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા ૧૬૪.૧૪ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૫૬૭.૫૫ કરોડની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં મેડિકલ, એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર, પી.એચડી., સંશોધન જેવા ઉચ્ચકક્ષાના અભ્યાસ માટે ૧૭૪૧ વિદ્યાર્થીઓને રૂ. ૮૫.૩૯ કરોડની પરદેશમાં અભ્યાસ માટે લોન સહાય.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિના અંદાજે ૮૦,૦૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ. ૪૦૧.૦૬ કરોડની નાણાકીય સહાય.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગની ૮૧,૨૪૮ કન્યાઓના લગ્નપ્રસંગે મામેરા માટે રૂ. ૮૧.૨૮ કરોડની સહાય.
- રાજયમાં આવેલા ૮૮ ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓમાં રૂ. ૬૬૦.૦૦ લાખના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સ્માર્ટ સ્કૂલ ઈ-લર્નિંગ પ્રોજેક્ટ કાર્યરત.
- અનુસૂચિત જાતિના ૭૯૫ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે રૂ. ૧૧૩૯૪.૦૦ લાખની વાર્ષિક ૪% ના દરે લોન સહાય.
- અતિ આધુનિક સુવિધાથી સજ્જ સમરસ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૯ જિલ્લામાં કુલ ૧૮ કુમાર/કન્યા છાત્રાલયોમાં ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવાની સુવિધા
- અનુસૂચિત જાતિ માટેની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓમાં શહેરી વિસ્તારમાં આવકમર્યાદા રૂ. ૬૮,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૪૭,૦૦૦થી વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦ કરવામાં આવી.
- અનુસૂચિત જાતિ/ જનજાતિ અત્યાચાર નિવારણ



અધિનિયમ-૧૯૮૯ હેઠળ ૧૬ કોર્ટને એકસકલુઝિવ સ્પેશિયલ કોર્ટ અને ૧૭ કોર્ટને સ્પેશિયલ કોર્ટ તરીકે મંજૂરી આપવામાં આવી છે.

- નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ દર મહિને ૧,૧૩,૫૭૩ લાભાર્થીઓને રૂ.૮.૫૧ કરોડની સહાય.
- રાજયભરમાં ૧૦ નવા વૃદ્ધાશ્રમો, ૧૦ નવી દિવ્યાંગ સંસ્થાઓ, ૫ નવી બાળકલ્યાણ સંસ્થાઓ અને ૬ નવી ભિક્ષુક કલ્યાણ સંસ્થાઓને મંજૂરી
- વૃદ્ધ સહાય યોજનામાં સહાયની રકમ રૂ.૫૦૦/- થી વધારી રૂ ૭૫૦ /- કરવામાં આવી ૯,૫૦,૦૦૦ લાભાર્થીઓને આ યોજનાનો લાભ.
- સંત સુરદાસ યોજના હેઠળ દર મહિને કુલ ૩૯,૬૭૬ લાભાર્થીઓને રૂ. ૨.૩૮ કરોડ સહાય.
- દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં ૨૧ પ્રકારની દિવ્યાંગતાનો અમલ. કુલ ૨,૫૭,૧૭૭ લાભાર્થીઓને એસ.ટી બસમાં મફત મુસાફરીનો લાભ.


**ગુજરાત બિનઅનામત કક્ષાના ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને આર્થિક સહાય માટે નિગમની રચના**

- દેશમાં સૌ પ્રથમવાર બિનઅનામત વર્ગના લોકોનાં શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સર્વાંગી વિકાસ માટે ગુજરાત રાજ્યમાં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના.
- બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ભોજન સહાય હેઠળ ૩૪૫૬૨ લાભાર્થીઓને રૂ.૪૦.૯૩ કરોડની સહાય.
- વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ બિન અનામત વર્ગના ૧૭૨૩ લાભાર્થીઓને રૂ. ૨૫૧.૩૦ કરોડની સહાય.
- બિનઅનામત વર્ગના ગરીબ વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ બન્યો સરળ – ૫૧૪ લાભાર્થીઓને રૂ. ૧૭.૨૨ કરોડની સહાય.
- સ્વરોજગાર લોન યોજના હેઠળ બિનઅનામત વર્ગના ૨૩૮૩ લાભાર્થીને રૂ.૯૭.૫ કરોડની સહાય.
- બિનઅનામતી વર્ગ નિગમ દ્વારા બે વર્ષના ટૂંકા સમયગાળામાં કુલ ૫૮૬૬૨ લાભાર્થીઓને રૂ. ૪૪૦.૬૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- અંત્યોદય યોજના અન્વયે આ સરકારે રૂ. ૨ પ્રતિ કિલો ઘઉં અને પ્રતિ કિલો ચોખા રૂ. ૩ થી ગરીબોને આપવા માટેનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે.
- આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ૫ લાખ રૂપિયા સુધીનું આરોગ્ય કવચ આપવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. છેલ્લાં ચાર વર્ષમાં ૨.૫ કરોડ ઉપરાંત લોકોને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત વીમાનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે.
- અસંગઠિત શ્રમિકોને માત્ર રૂ.૧૦માં ભરપેટ ભોજન આપવાની શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો રાજ્યના શ્રમિકોને લાભ આપવામાં આવે છે. ૯૯ લાખ ઉપરાંત શ્રમિકોએ આ યોજનાનો લાભ લીધો છે.
- રાજ્ય સરકારની વિવિધ વ્યક્તિલક્ષી સહાય લાભાર્થીઓને એક છત્ર હેઠળ કોઈપણ વચેટિયાના માધ્યમ વગર સીધેસીધી તેમના હાથમાં મળે તેવો અભિનવ કાર્યક્રમ ગરીબ કલ્યાણ મેળા ગુજરાતમાં યોજાઈ રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા ૧.૪૭ કરોડ લાભાર્થીઓને રૂ. ૨૬,૬૭૭ કરોડની સાધન સહાય આપવામાં આવી છે.
- રાજ્યના દલિતોને સાડા સાત હજાર એકર જેટલી જમીન સાંથણી સ્વરૂપે છેલ્લા એક વર્ષમાં આપવાનું સંવેદનશીલ પગલું રાજ્ય સરકારે પગલું ભર્યું છે.
- રાજ્ય સરકારે હિંમતપૂર્વક નિર્ણય લઈને યુએલસીની ફાજલ જમીન ઉપર બાંધવામાં આવેલા ગરીબો અને મધ્યમવર્ગના પરિવારોના મકાનો રેગ્યુલરાઈઝ્ડ કરવાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી છે.
- ઉજ્જવલા યોજનાનો ગુજરાતે અસકારક અમલ કર્યો છે. છેલ્લાં ૪ વર્ષમાં ૨૮ લાખ કરતાં વધુ પરિવારોને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેમના પરિવારના સભ્યોને રાહત દરે માત્ર રૂ.૧૦માં પૌષ્ટિક ભોજન : રૂ. ૫૫૪૩.૪૯ લાખના ખર્ચે ૧૧૨.૬૩ લાખ ભોજન વિતરણ કરવામાં આવ્યું છે.



## ઉદ્યોગ

- દેશભરમાં ઈન્ડ્સ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર મેમોરેન્ડમમાં રૂ. ૩૪૩૮૩૪ કરોડના રોકાણ, દેશમાં ૫૧ ટકા એકલા ગુજરાતમાં. બીજા ક્રમના રાજ્ય મહારાષ્ટ્ર કરતાં ત્રણગણું વધારે રોકાણ.
- ગુજરાત કેમિકલ, પેટ્રોકેમિકલ, ડેરી, ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ્સ, સિમેન્ટ અને સિરામિક, જેમ્સ અને જ્વેલરી, ટેક્સટાઇલ તેમજ એન્જિનિયરિંગ જેવા ઉદ્યોગમાં દેશમાં અગ્રેસર છે.
- એમએસએમઈ સેક્ટરને વિશેષ પ્રોત્સાહન : સરળ ઓનલાઈન એપ્રૂવલથી દર મહિને ૧૬૦૦૦ જેટલાં એમએમએમઈ ગુજરાતમાં નોંધાયાં છે.
- ગુજરાતમાં ૪૩ ટકાથી વધુ સ્ટાર્ટ-અપ એકલા ગુજરાતમાં
- ગુજરાત બેસ્ટ એન્ડ સ્ટેબલ ઈકોનોમી સ્ટેટનો દરજ્જો ધરાવતું રાજ્ય બન્યું છે.
- નીતિઓ આધારિત અભિગમના કારણે ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે ૨ આંકડામાં વિકાસદર હાંસલ કર્યો છે.
- ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશભરમાં મોખરે છે.
- ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશભરમાં પ્રથમ છે.
- ગુજરાત ભારતના રોકાણ માટેનું સૌથી પસંદગીનું સ્થળ છે. છેલ્લા બે દાયકામાં રૂ. ૧.૪૧ લાખ કરોડનું મૂડીરોકાણ મેળવ્યું છે જે ભારતમાં સર્વાધિક છે.
- દેશ દ્વારા સહયોગ કરાયેલા ૧૫૦ સ્ટાર્ટ-અપમાં ૪૩ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશભરમાં નંબર વન છે.
- ગુજરાત સરકારે એમએસએમઈના વિકાસ માટે લીધેલાં ક્રાંતિકારી પગલાંના પરિણામે છેલ્લાં ચાર વર્ષમાં રાજ્યમાં ૮૫ હજાર કરોડના રોકાણ સાથે ૪,૮૩,૩૩૬ એમએસએમઈની સ્થાપના થઈ છે.
- પહેલાં ઉત્પાદન પછી મંજૂરીની નીતિનું એમએસએમઈ ઉદ્યોગોએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ઔદ્યોગિક પેદાશોમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધુ ૧૬.૮૧ હતો.
- વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતની કુલ નિકાસોમાં ગુજરાતનો હિસ્સો ૨૧ ટકા છે.
- રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષમાં ૬૧૮૦૦ કરોડના મૂડીરોકાણ સાથે ૫૭૦ પ્રોજેક્ટ્સ કાર્યરત કુલ ૬૯૧૩૭ રોજગારીનું નિર્માણ. ૪૩૩ પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. ૩૪૩૮૩૪ કરોડના સૂચિત રોકાણ સાથે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે જ્યારે કાર્યાન્વિત થયેલા પ્રોજેક્ટ્સ માટે IEM પાર્ટ-બીમાં ૪૩૪ પ્રોજેક્ટ્સમાં કુલ રૂ. ૧૫,૧૮,૮૬૧ કરોડના રોકાણ સાથે ગુજરાત નંબર વન.
- ગુજરાત રાજયમાં જુદા જુદા સેક્ટરમાં મૂડીરોકાણ પ્રોત્સાહિત કરવા Scheme for Plastic Industries, Aerospace and Defense Policy યોજનાઓ જાહેર કરેલી છે, જે પૈકી Scheme for Plastic Industries હેઠળ કુલ ૨૬૫ અરજીઓ થકી ગુજરાત રાજ્યમાં ૫૧૬૯ કરોડનું સૂચિત મૂડીરોકાણ તથા ૧૪,૬૦૩ જેટલી રોજગારીની તકોનું નિર્માણ.
- 'આત્મનિર્ભર ગુજરાત પેકેજ' અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પુનઃ કાર્યાન્વિત કરવા રૂ. ૭૬૮.૦૦ કરોડની સહાય આપવામાં આવી છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના ઉદ્યોગકારોને મશીનરીની ખરીદી પરની વ્યાજ અને કેપિટલ સહાય - વિદેશમાંથી મેળવેલ નવીન ટેકનોલોજી પર સહાય, રીસર્ચ અને ડેવલપમેન્ટ બાદની પેટન્ટ સહાય વગેરે જેવી વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે, જે અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધી કુલ ૩૧,૫૯૮ એકમોને કુલ રૂ. ૯૩૯.૦૦ કરોડથી વધારે વ્યાજ સહાય અને ૧૯૫૬૭ એકમોને કુલ ૧,૫૫૭.૦૦ કરોડ ઉપરાંત કેપિટલ સહાય આપવામાં આવી છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫માં બહાર પાડેલી યોજનાઓને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારો માટે વિશેષ લાભ સાથે 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના' : અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગકારોને રૂ. ૬૯૯૫ લાખ ઉપરાંતની સહાય આપવામાં આવી છે.
- MSME એકમોની સ્થાપના અને કામગીરીની સરળતા માટે એમ.એસ.એમ.ઈ. વટહુકમ, ૨૦૧૯ની જાહેર : જે અંતર્ગત MSME ઉદ્યોગકરોને મંજૂરી / પરવાનગીઓ / એન.ઓ.સી. વિગેરેમાંથી ત્રણ વર્ષ



સુધી મુક્તિ આપવામાં આવી છે. ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહ્યું છે અને રાજ્યમાં રોકાણ વધી રહ્યું છે.

- ટેક્ષટાઈલ પોલિસી- ૨૦૧૨ હેઠળ ગત ચાર વર્ષ દરમિયાન ટેક્ષટાઈલ એકમોને કુલ. રૂા.૪૯૨૨૮૧ લાખની સહાય, ૯૬૦૦૦ લોકોને સીધી રોજગારી.
- રાજ્યના છેવાડાના નાના માણસોના આત્મનિર્ભરતા માટે કટિબદ્ધ સરકાર - ૮૫૦૭૩૨ લાભાર્થી જે પૈકી ૩૪૦૦૦૦ મહિલાઓના સશક્તીકરણ માટે રૂ. ૧૮૭૮ની સહાય.
- શ્રી બાજપાઈ બેંકેબલ યોજનાનો અસરકારક અમલ - ૧૪૮૦૦૦ લાભાર્થીઓને રૂ. ૩૩૯૬/- કરોડની બેંકલોન સામે રૂ. ૮૮૧/-કરોડની સહાય.
- રાજ્યભરમાં યોજાયા ૪૫૬ મેળાઓ રૂ. ૯૮/- કરોડના માલનું વેચાણ, ૪૨૦૦૦ કારીગરોને સીધો લાભ

## શહેરી વિકાસ

- ગુજરાતનાં નગરોને સ્વચ્છ અને સુંદર બનાવવા ભગીરથ અભિયાન.
- મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે આદરેલા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૬૨ નગરપાલિકા મળી કુલ ૧૭૦ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરી અને તેનું સેગ્રીગેશન કરવાની કામગીરી પૂરજોશમાં.
- રાજ્ય સરકાર દ્વારા આવનાર સમયમાં શહેરોના ઝડપી વિકાસ માટે ટીપી સ્કીમો છ મહિનામાં પૂર્ણ કરવાના નિર્ધાર સાથે તમામ નકશાઓ ઓનલાઈન કરાયાં.
- રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમનો પ્રારંભ. નાગરિકોને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ
- ધોલેરાને વર્લ્ડ ક્લાસ સ્માર્ટ સિટી અને ગુજરાતના સ્માર્ટ સિટીમાં સૌથી શ્રેષ્ઠ સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં રાજ્ય સરકારની આગવી પહેલ. રૂ. ૩૦૦૦ કરોડના આંતર માળખાકીય સુવિધાના કામો ધોલેરા SIRમાં હાથ ધરવાનો રાજ્ય સરકારે લીધેલો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- રાજ્યના ટાઉન પ્લાનિંગની કામગીરીને ગતિશીલ અને સચોટ બનાવવા રાજ્ય સરકારનો નિર્ણય. રાજ્યમાં પ્રગતિ હેઠળની ૪૨૫ જેટલી ટીપી સ્કીમ ઝડપથી પૂર્ણ કરવા ઝુંબેશ. શહેરીજનોનું પોતીકા મકાનનું સ્વપ્ન થયું સાકાર..
- રાજ્યના શહેરી વિસ્તારોમાં વધતાં જતાં વાહનોની સંખ્યા ધ્યાને લઈ યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપન કરવા કટિબદ્ધ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૦૦ કરોડની વિશેષ જોગવાઈ.
- શહેરોના ગરીબોના કલ્યાણ માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત શહેરી આજીવિકા મિશનની રચના. શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ વેતન રોજગારીની અનેક તકો.
- દેશના ૧૦૦ સ્માર્ટ સિટીમાં ગુજરાતનો દેશભરમાં બીજો ક્રમ. ભારતનાં ૧૦૦ શહેરોમાં અમદાવાદ પ્રથમ, સુરત ત્રીજા ક્રમે જ્યારે વડોદરા આઠમા ક્રમે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના અસરકારક અમલ દ્વારા નગરોને વધુ સુવિધાયુક્ત અને સવલતપૂર્ણ બનાવાયા છે, જેમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં રહેતા તમામ નાગરિકોને પાણી, ભૂગર્ભ ગટર, રસ્તા વગેરે સવલતો સાથેની આવાસ-સુવિધા ઊભી કરવા તેમજ એફોર્ડેબલ હાઉસીંગ યોજનાનો અસરકારક અમલ કર્યો છે.
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ સરકારે રાજ્યનાં તમામ શહેરોમાં સીસીટીવી કેમેરા નેટવર્ક સીસ્ટમ અમલમાં મૂકી છે.
- શહેરીજનોને ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવા શહેરી આવાસ યોજના અન્વયે છેલ્લાં ચાર વર્ષમાં ૪.૧૭ લાખ જેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે જે પૈકી ૨ લાખ આવાસો લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવ્યા છે.
- વ્યક્તિગત શૌચાલય યોજના અન્વયે છેલ્લાં ચાર વર્ષમાં ૫ લાખથી વધુ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ગુજરાત કોમ્પ્રિહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશનના નિયમોના અસરકારક અમલથી શહેરોનો આયોજનબદ્ધ વિકાસ શક્ય બન્યો છે.
- રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમનો




પ્રારંભ થવાથી નાગરિકોને પારદર્શક પ્રશાસનની પ્રતીતિ થઈ છે.

- ચોમાસામાં ખરાબ મોસમ કે કુદરતી આપત્તિના સમયે મહત્તમ સુરક્ષા માટે અને આગોતરા આયોજન માટે વેધર વોચ કમિટીની નવતર પહેલ રાજ્ય સરકારે કરી છે.
- રેલવે ફાટકો ઉપર થતા અકસ્માતોને નિવારવાની દિશામાં સંવેદનશીલ રાજ્ય સરકારે નક્કર કામગીરી કરીને રેલવે ફાટકો ઉપર ૩૭ ઓવર બ્રિજ અથવા અન્ડરબ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરી છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ૪.૯૦ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.
- અમદાવાદ મેટ્રો રેલની કામગીરી સમયસર ઝડપથી પૂરી થાય તે માટે રૂ. ૫૧૦ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.
- રાજ્યના ૬ સ્માર્ટ સિટી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદને સ્માર્ટ સિટી મિશન અંતર્ગત એરિયા બેઝ વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે.

## ગ્રામવિકાસ

- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) : 'વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌના માટે આવાસ' ગુજરાત રાજ્યમાં કુલ ૩,૧૧,૮૦૩ આવાસોના લક્ષ્યાંક સામે છેલ્લાં ચાર વર્ષમાં રૂ. ૨૯૨૬.૨૮ કરોડનો ખર્ચ ૨,૩૦,૨૬૭ આવાસોનું નિર્માણ અને ૯૮,૩૬૭ આવાસો પ્રગતિ હેઠળ.
- સ્થળાંતર કરેલ શ્રમિકોને મનરેગા યોજનાના ઈતિહાસમાં એક દિવસમાં સૌથી વધુ રોજગારી એટલે કે એક દિવસમાં ૧૦ લાખ માનવદિન જેટલી રોજગારી પૂરી પાડવામાં આવી.
- મનરેગા યોજના અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦૦ આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ.
- મનરેગા યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ પશુઓની સારસંભાળ માટે ૫૦,૦૦૦ કુટુંબોને કેટલ શેડનાં બાંધકામની સહાય. મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય શ્રમિકોને તેમનું વેતન સીધું તેમના ખાતામાં જમા કરવાનું પારદર્શક પગલું આ સરકારે લીધું છે.
- વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશના ગ્રામીણ વિસ્તારને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્તિ આપી ગામોને સ્વચ્છ, સુંદર બનાવવાનો સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારોમાં અસરકારક અમલ.
- ગ્રામ્ય વિસ્તારોને 'ખુલ્લામાં શૌચક્રિયામુક્ત' બનાવવા લાભાર્થીઓને વ્યક્તિગત/સામૂહિક શૌચાલય સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા : રૂ. ૨૭૬૯.૮૦ કરોડનું બજેટ. ગુજરાતના ગામડાંઓમાં ૩૩.૫૦ લાખ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત રાષ્ટ્રપતિશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાતને 'ખુલ્લામાં શૌચમુક્ત' ODF જાહેર કરવામાં આવ્યું.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)અંતર્ગત જળસંગ્રહ માટે ચેકડેમ, તળાવ, ખેત તલાવડી, પરકોલેશન ટેંક, ચેક વોલ વગેરેના કુલ ૧૭૪૯૭ કામો તેમજ ભૂમિ ભેજ સંરક્ષણનાં કુલ ૨૮૯૪૩ કામો પૂર્ણ.
- વરસાદી પાણીની જળસંગ્રહનાં કામોથી ૩૯.૫૦ મિલીયન કયુબિક મીટર (૩૯૫.૦૦ લાખ ઘનમીટર) પાણીનો સંગ્રહ, જેનાથી ૪૬૯૫૦ હેક્ટર વિસ્તારમાં ૫૮૮.૨૯ કરોડના ખર્ચે ખેડૂતોના સિંચાઈનો લાભ.
- સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત કુલ ૭૫ ગ્રામ પંચાયતોની પસંદગી : રૂ. ૧૩૧૯૭.૬૩ લાખના ખર્ચે ૧૬૫૦ પ્રોજેક્ટસ પૂર્ણ.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ૧ લાખ મહિલા જૂથોને બેંકોનાં માધ્યમથી રૂ. ૧૦૦૦ કરોડની લોન સહાય આપવાનું આયોજન
- ગુજરાત રાજ્યમાં ૪૬૨૦૧ નવા મહિલા સ્વસહાય જૂથની રચના, ૧૫૩૪૪૧ સ્વસહાય જૂથોને બેંક લોનની સુવિધા, ગ્રામીણ યુવાનોને સ્વરોજગારના અવસરો ૮૮૪૮૭ ગ્રામીણ યુવાનોને કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવી.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે છેલ્લાં ચાર વર્ષમાં ૬ હજાર કિલોમીટર લંબાઈના નવા માર્ગો આકાર લઈ રહ્યા છે.



- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૧૮ હેઠળ સમગ્ર દેશમાં પ્રથમ ૫૦ જિલ્લાઓમાં ગુજરાતના ૧૪ જિલ્લાઓનો સમાવેશ થયો છે.
- રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૬.૫૫ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ એનાયત
- મહિલાઓનું સશક્તીકરણ માટે રાજ્યમાં ૨.૮૯ લાખ સખી મંડળમાં ૩૦.૬૪ લાખ જેટલા સભ્યો દ્વારા આર્થિક ઉપાર્જન.
- 'આત્મા ગામડાનો, સુવિધા શહેરની' આ મંત્રને સાકાર કરવા શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન યોજના અંતર્ગત ગામડાંઓમાં આર્થિક પ્રવૃત્તિ માટે કૌશલ્ય તાલીમ, સ્વચ્છતા, વીજળી, જાહેર પરિવહન, એલપીજી જોડાણ, ડિજિટલ સાક્ષરતા સહિતની સુવિધા ઉપલબ્ધ.
- રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં આઈટીની વિશ્વકક્ષાની સેવાઓ ઉપલબ્ધ. ઈ-ગ્રામ યોજના હેઠળ રાજ્યની ૧૪૨૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ.
- ૧૪૦૦૬ ગ્રામ પંચાયતોને વી-સેટ આધારિત ઈ-કનેક્ટિવિટીથી જોડાણ. આ સેન્ટરાં દ્વારા અંદાજે ૬૮.૧૨ કરોડ ૮-અ, ૭-૧૨ના ઉતારા, ૪૫.૮૪ કરોડ ઈ-પીડીએસ કૂપન એનાયત
- સંવેદનશીલ રાજ્ય સરકારે મિનિમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નન્સના મંત્ર સાથે સ્માર્ટ સિટીની જેમ સ્માર્ટ વિલેજ યોજનાનો અસરકારક અમલ. સ્માર્ટ વિલેજ અંતર્ગત ગામડાંઓ સ્વાવલંબી, સ્વચ્છ-સ્વસ્થ, ગુનામુક્ત, સમરસ અને આર્થિક રીતે સશક્ત બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ.
- રાજ્ય સરકાર દ્વારા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામોને અગ્રતા : ગ્રામ પંચાયતોની સત્તામાં નોંધપાત્ર વધારો કુલ રૂ. ૫૦૮૪ કરોડના ખર્ચથી ૩,૧૪,૨૨૩ કામો પૂર્ણ.
- ગામના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ : ૩૧૧૨ ગ્રામ પંચાયતના નવા મકાનનું નિર્માણ. રૂ. ૨૦૮.૨૪ કરોડના ખર્ચે ૩ જિલ્લા પંચાયત અને ૩૪ તાલુકા પંચાયતનાં નવાં મકાનોને મંજૂરી.


## પ્રવાસન

- સ્વદેશ દર્શન સ્કીમ હેઠળ હેરિટેજ સર્કિટના વિકાસ અંતર્ગત અમદાવાદ, રાજકોટ, પોરબંદર, બારડોલી અને દાંડીમાં ગાંધીજીની સ્મૃતિ સાથે સંકળાયેલ સ્થળોનો વિકાસ, રાજકોટ શહેર ખાતે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગાંધીજીના જીવનકવનને પ્રદર્શિત કરતા મ્યુઝિયમનું રૂ. ૧૯.૮૭ કરોડના ખર્ચે નિર્માણ.
- મહીસાગર જિલ્લાના રૈયોલી ખાતે ડાયનાસોર મ્યુઝિયમનું રૂ. ૭.૦૦ કરોડના ખર્ચે નિર્માણ ફેઝ-૨માં રૂ. ૨૧.૦૦ કરોડના ખર્ચે વિકાસ. પ્રવાસીઓ માટે અનેક સુવિધા ઊભી કરાશે.
- ખેડા જિલ્લાના ડાકોર યાત્રાધામ ખાતે પ્રવાસી સુવિધાનો રૂ. ૪૩.૦૦ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવ્યો છે.
- સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે રૂ. ૪૫.૦૦ કરોડના ખર્ચે પ્રવાસીઓ માટે અનેક સુવિધાનું નિર્માણ.
- બનાસકાંઠા જિલ્લાના સૂઈ ગામે ઇન્ડો-પાકિસ્તાન બોર્ડર ખાતે બોર્ડર ટૂરિઝમનો વિકાસ રૂ. ૮૦.૦૦ કરોડના ખર્ચે પ્રવાસી સુવિધા, પરેડ ગ્રાઉન્ડ, ઓડિટોરિયમ, ટી-જંક્શનથી ઝીરો પોઈન્ટ સુધી વિવિધ લશ્કરી બંકર્સનું નિર્માણ.
- વાઘા બોર્ડરની જેમ નડાબેટને મહત્ત્વના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવતું ગુજરાત ભારતનું બીજું રાજ્ય, જેમાં દર શનિવાર તથા રવિવારના રોજ રિટ્રીટ કાર્યક્રમ, વેપન ડિસપ્લે ગેલેરી, ફ્યૂઝન બેન્ડ તથા કેમલ શોનું આયોજન કરવામાં આવે છે.
- ટૂરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે યુવાનોને રોજગારીના અનેક અવસરો. છેલ્લાં ૪ વર્ષમાં ૨૫,૦૦૦થી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે.
- પ્રવાસન નિગમ દ્વારા ૯૭ હોમસ્ટેનું નિર્માણ. અનેક લોકોને રોજગારીની તકો.
- ગુજરાત રાજ્યના વરિષ્ઠ નાગરિકો માટે શ્રવણ તીર્થદર્શન યોજનાનો અસરકારક અમલ : કુલ ૧૭૮૯ બસ દ્વારા ૮૯૪૧૦ યાત્રાળુઓએ વિવિધ દેવસ્થાનોના દર્શનનો લાભ લીધેલ છે.
- રાજ્યનાં મહત્ત્વનાં આઠ યાત્રાધામ દ્વારકા, સોમનાથ, શામળાજી, ડાકોર, પાલિતાણા, જૂનાગઢ અને અંબાજી ખાતે સ્વચ્છતા અભિયાન. રૂ. ૧૫.૦૦ કરોડના ખર્ચે ૧૬.૦૦ લાખ ચો.મી. વિસ્તારને સ્વચ્છ બનાવાયો.
- રાજ્યના કુલ ૧૪૦ સરકારી અને ખાનગી દેવસ્થાનોમાં ૧૬૦૫ કિ.વો. સોલાર રૂફટોપનું નિર્માણ. વાર્ષિક



રૂ. ૧૧૫.૯૦ લાખની વીજબચત થશે.

- પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાજી મંદિરના વિકાસ માટે રૂ. ૧૨૧.૦૦ કરોડની ફાળવણી.
- દિવ્યાંગ અને સિનિ. સિટીઝનો યાત્રાધામો ખાતે સરળતાથી દર્શન કરી શકે તે માટે છેલ્લાં ચાર વર્ષમાં ૧૯૩ ઈ-રીક્ષા, ૩૭૬ વ્હિલચેર અને ૧૯૮૮ બાંકડાની કુલ રૂ. ૨૦૭.૪૫ લાખના ખર્ચે સુવિધા ઊભી કરાઈ,
- રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ માટે કુલ ૧૦૩૩ હે. જમીન સંપાદન કરવામાં આવી છે. એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા રૂ. ૧૪૦૫ કરોડ ખર્ચે આધુનિક એરપોર્ટસનું નિર્માણ કરાશે.
- ઈકો ટૂરિઝમને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા પોળોનાં જંગલો, રતન મહાલ, પદમ ડુંગરી, ગીરાધોધ, ઝરવાણી, જૂનારાજ, કોડાવાડીલા ડેમ, નળસરોવર વગેરે સ્થળોએ પ્રવાસી સુવિધામાં અનેકગણો વધારો કરાયો છે.
- રાજ્ય સરકારે પ્રવાસન ક્ષેત્રે લીધેલાં સર્વગ્રાહી પગલાંને પરિણામે ગુજરાતની મુલાકાતે આવતા સહેલાણીઓમાં ૧૪ ગણો વધારો થયો છે. પાંચ કરોડ જેટલા સહેલાણીઓએ ગુજરાતની મુલાકાત લેતા પ્રવાસન ક્ષેત્રને નવો વેગ મળતાં વિપુલ પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થયું છે.
- દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ. કાયમી ટેન્ટ સિટીની સુવિધા ઉપરાંત ૧૦૦ યુવાનોને ગાઈડની તાલીમ. ગુજરાત રાજ્યના પ્રવાસનને વેગ મળવા સાથે આદિવાસી વિસ્તારનો સર્વગ્રાહી વિકાસ થયો છે.
- નવસારી જિલ્લાના દાંડી ખાતે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા અંદાજિત રૂપિયા ૭૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત.
- ગુજરાતમાં બૌદ્ધ સર્કિટમાં ૧૩ સ્થળોના વિકાસથી ગુજરાત પ્રવાસન ક્ષેત્રને મળશે અનેરો વેગ. સ્વદેશ દર્શન યોજના હેઠળ જુનાગઢ- ઉપરકોટ, બાબા પ્યારે ગુફા, ખાપરા ખોડિયા, અશોક રોક એડિટ અને વે સાઇડ એમેનિટીઝ, ગીર સોમનાથ - સાના ગુફા, પ્રભાસ-પાટણ પાટણ ગુફા, ભરૂચ - કાળિયા ડુંગર, કચ્છ - સિહોત ગુફા, ભાવનગર - તળાજા ગુફા, રાજકોટ - ખંભાળિયા ગુફા, તારંગા ગુફા, મહેસાણા - વડનગર મોનેસ્ટ્રીને આવરી લેવામાં આવી છે.
- સ્વદેશ દર્શન સ્કીમ હેઠળ વડનગર, પાટણ, મોઢેરા - હેરિટેજ સર્કિટના વિકાસ અંતર્ગત વડનગર ખાતે શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક, શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર, અંબાજી કોઠા તળાવ, લાતેરી વાવ, રેલ્વે સ્ટેશન, ગેટ અને ફોર્ટ વોલ ખાતે અનેક સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે.
- રાજ્ય સરકારે સફેદ રણના વિકાસ માટે હાથ ધરેલા પ્રયાસોને મળી અદ્‌ભુત સફળતા : કુલ ૪.૨૫ લાખ લોકોએ લીધી સફેદ રણની મુલાકાત. રણોત્સવને કારણે સ્થાનિક લોકોને વિપુલ રોજગારીની તકો સાથે વિશ્વભરમાં કચ્છની આગવી ઓળખ ઊભી થઈ છે.
- ૩૦મા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને મળી અનેરી સફળતા. ૪૫ દેશોના ૧૫૧ પતંગબાજો, ૧૩ રાજ્યોના ૧૦૫ પતંગબાજો તથા ગુજરાત રાજ્યના ૫૪૫ પતંગબાજોએ ભાગ લેવા સાથે આશરે ૩.૯૮ લાખ જેટલા મુલાકાતીઓએ પતંગ મહોત્સવની મુલાકાત લીધી.
- રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ અંતર્ગત અમદાવાદથી જામનગર, મુન્દ્રા, ભાવનગર, જેસલમેર, પોરબંદર, હૂબલી, સુરત માટેની ફ્લાઈટનો પ્રારંભ. રાજ્યના યુવાનોને વિમાન ઉડ્ડયન અંગે તાલીમ મળી રહે તે માટે મહેસાણા ખાતે ટ્રેનિંગ સ્કૂલ કાર્યરત.
- શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી છે.
- વિશ્વપ્રસિદ્ધ ટાઈમ મેગેઝીન દ્વારા ૨૦૧૯માં વિશ્વનાં શ્રેષ્ઠ ૧૦૦ પ્રવાસન સ્થળોમાં સ્ટેચ્યુ ઑફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે.
- આઉટલુક દ્વારા સ્ટેચ્યુ ઑફ યુનિટીને શ્રેષ્ઠ આકર્ષક પર્યટક સ્થળના વર્ગમાં 'પ્રેસ્ટીજીયસ ટ્રાવેલર એવોર્ડ ૨૦૨૦'થી સન્માનિત કરવામાં આવેલું છે.



**રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર**
**કાશીનું પ્રાચીન સ્વરૂપ, પ્રાચીન વૈભવ પોતાના આધુનિક સ્વરૂપ એટલે એક પ્રકારે આધુનિક રૂપરંગ સાથે અસ્તિત્વમાં આવી રહ્યું છે**

# મહાદેવજીના આશીર્વાદ સાથે કાશીવાસીઓએ વિકાસની ગંગા વહેતી કરી - શ્રી નરેન્દ્રભાઈ મોદી



હર હર મહાદેવ ! હર હર મહાદેવ !

બનારસવાસીઓએ એકસાથે અનેક વિકાસલક્ષી કાર્યક્રમોની ભેટ ધરી દીધી. એક રીતે આજે મહાદેવજીના આશીર્વાદ સાથે કાશીવાસીઓએ વિકાસની ગંગા વહેતી કરી છે. આજે જ સેંકડો કરોડો રૂપિયાની અનેક યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલારોપણ થયું છે. હવે આ રુદ્રાશ કન્વેન્શન સેન્ટર ! કાશીનું પ્રાચીન સ્વરૂપ, પ્રાચીન વૈભવ પોતાના આધુનિક સ્વરૂપ એટલે એક પ્રકારે આધુનિક રૂપરંગ સાથે અસ્તિત્વમાં આવી રહ્યું છે. કાશી વિશે કહેવાય છે – બાબાની આ નગરી ક્યારેય અટકતી નથી, ક્યારેય વિરામ લેતી નથી ! વિકાસની આ નવી ઊંચાઈએ કાશીના આ મિજાજને ફરી સાબિત કર્યો છે. જ્યારે કોરોનાકાળમાં દુનિયા થંભી ગઈ હતી, ત્યારે કાશી સંયમિત તો થઈ, શિસ્તબદ્ધ પણ થઈ, પણ સર્જન અને વિકાસની ધારા અવિરતપણે વહેતી રહી. કાશીના વિકાસનું આ નવું પાસું, આ 'ઈન્ટરનેશનલ કો-ઑપરેશન ઍન્ડ કન્વેન્શન સેન્ટર – રુદ્રાક્ષ' આજે એ જ રચનાત્મકતા, એ જ ગતિશીલતાનું પરિણામ છે. હું તમને બધાને, કાશીના દરેક નગરવાસીને આ સફળતા માટે અભિનંદન આપું છું. ખાસ કરીને હું ભારતના પરમ મિત્ર જાપાનને, જાપાનના લોકોને, પ્રધાનમંત્રી શ્રી શુગા યોશીહિદેને અને રાજદૂત શ્રી સુઝુકી સાતોશીનો આભાર માનું છું. આપણે જાપાનના પ્રધાનમંત્રીજીનો વીડિયો સંદેશ પણ જોયો. તેમના આત્મીય પ્રયાસોથી કાશીને આ ભેટ મળી છે. એ સમયે પ્રધાનમંત્રી શ્રી શુગા યોશીહિદેજી ચીફ કેબિનેટ સેક્રેટરી હતા. ત્યારથી પ્રધાનમંત્રીની ભૂમિકા સુધી તેઓ સતત આ પ્રોજેક્ટ સાથે વ્યક્તિગત રીતે જોડાયેલા રહ્યા છે. ભારત પ્રત્યે તેમના આ લગાવ માટે દરેક ભારતવાસી તેમનો આભારી છે.

### જાપાનની ચિરપરિચિત કાર્યશૈલી જોવા મળી

સાથીઓ, આજે આ આયોજનમાં અન્ય એક વ્યક્તિ આપણી વચ્ચે છે, જેમનું નામ લેવાનું હું ભૂલી ન શકું. જાપાનના જ મારા એક મિત્ર – શિન્ઝો આબેજી. મને યાદ છે – જ્યારે શિન્ઝો આબેજી પ્રધાનમંત્રી તરીકે કાશી આવ્યા હતા, ત્યારે રુદ્રાક્ષના વિચાર પર મેં તેમની સાથે લાંબી ચર્ચા કરી હતી. તેમણે તરત તેમના અધિકારીઓને આ વિચાર પર કામ કરવાનું કહ્યું હતું. પછી જાપાનની ચિરપરિચિત કાર્યશૈલી જોવા મળી. એની વિશેષતા છે – પરફેક્શન અને પ્લાનિંગ. એની સાથે એના પર કામ શરૂ થયું અને આજે આ ભવ્ય ઈમારત કાશીની શોભા વધારી રહી છે. આ ઈમારતમાં આધુનિકતાની ચમક પણ છે અને સાંસ્કૃતિક આભા પણ છે. એમાં ભારત અને જાપાનના સંબંધોનું જોડાણ પણ છે અને ભવિષ્ય માટે અનેક સંભાવનાઓની તક પણ છે. મારી જાપાનયાત્રા સમયે અમે બંને દેશોના સંબંધોમાં બંને દેશના લોકો વચ્ચેના જોડાણમાં આ જ પોતીકાપણાની વાત થઈ હતી. અમે જાપાન સાથે આ જ પ્રકારના સાંસ્કૃતિક સંબંધની રૂપરેખા બનાવી હતી. મને આનંદ છે કે, આજે બંને દેશોના પ્રયાસોથી વિકાસની સાથે સાથે સંબંધોમાં મીઠાશનું એક નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. હજુ થોડાં અઠવાડિયાં અગાઉ કાશીના રુદ્રાક્ષની જેમ ગુજરાતમાં પણ જાપાની ઝેન ગાર્ડન અને કાઈઝેન એકેડેમીનું પણ લોકાર્પણ થયું હતું. જેમ આ રુદ્રાક્ષ જાપાન તરફથી ભારતને ભેટ ધરવામાં આવેલી પ્રેમની માળા છે, તેમ ઝેન ગાર્ડન પણ બંને દેશો વચ્ચેના પારસ્પરિક પ્રેમની સુગંધ ફેલાવી રહ્યો છે. આ જ રીતે, વ્યૂહાત્મક ક્ષેત્ર હોય કે આર્થિક ક્ષેત્ર હોય, જાપાન અત્યારે ભારતના વિશ્વસનીય મિત્ર દેશો પૈકીનો એક છે. આપણી મૈત્રી આ સંપૂર્ણ વિસ્તારની સૌથી સ્વાભાવિક ભાગીદારીમાંથી એક ગણાય છે. આધુનિક માળખાગત ક્ષેત્ર અને વિકાસલક્ષી પહેલોમાં પણ ઘણા મહત્ત્વપૂર્ણ અને સૌથી મોટા પ્રોજેક્ટ્સમાં જાપાન આપણો ભાગીદાર દેશ છે. મુંબઈ-અમદાવાદ



હાઈસ્પીડ રેલ હોય, દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર હોય, કે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર હોય — જાપાનના સાથસહકાર સાથે આકાર લઈ રહેલા આ તમામ પ્રોજેક્ટ્સ નવા ભારતની તાકાત બનશે.

## ભારત અને જાપાન એકસમાન વિચારસરણી ધરાવે છે

સાથીદારો, ભારત અને જાપાન એકસમાન વિચારસરણી ધરાવે છે કે, આપણો વિકાસ આપણા ઉલ્લાસ સાથે જોડાયેલો હોવો જોઈએ. આ વિકાસ સર્વમુખી હોવો જોઈએ, તમામ માટે હોવો જોઈએ અને બધાને જોડનારો હોવો જોઈએ. આપણાં પુરાણોમાં કહેવામાં આવ્યું છે -

**तत्र अश्रु बिन्दुतो जाता, महा रुद्राक्ष वृक्षाकाः । मम आज्ञया महासेन, सर्वेषाम् हित काम्यया ॥**

અર્થાત્ તમામના હિત માટે, તમામના કલ્યાણ માટે ભગવાન શિવની આંખમાંથી પડેલું અશ્રુબિંદુ સ્વરૂપે રુદ્રાક્ષ પ્રકટ થયું છે. શિવ તો બધાના છે, તેમના અશ્રુનું બિંદુ માનવમાત્ર માટે સ્નેહનું, પ્રેમનું પ્રતીક જ છે. આ જ રીતે આ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર — રુદ્રાક્ષ પણ આખી દુનિયાને પરસ્પર પ્રેમ, કળા અને સંસ્કૃતિ દ્વારા જોડવાનું એક માધ્યમ બનશે. અને કાશીની વાત જ ન્યારી છે. આમ પણ કાશી દુનિયાનું સૌથી પ્રાચીન જીવંત નગર છે. શિવથી લઈને સારનાથમાં ભગવાન બુદ્ધ સુધી કાશીએ અધ્યાત્મની સાથે કળા અને સંસ્કૃતિને સદીઓથી પરંપરાઓને અક્ષુણ્ણ રાખી છે. વર્તમાન સમયમાં પણ તબલામાં 'બનારસબાજ'ની શૈલી હોય, ઠુમરી, દાદરા, ખ્યાલ, ટપ્પા અને ધ્રુપદ હોય, ધમાર, કજરી, ચૈતી, હોરી જેવી બનારસની ચર્ચિત અને




પ્રસિદ્ધ ગાયનશૈલીઓ હોય, સારંગી અને પખાવજ હોય, કે પછી શહેનાઈ હોય — મારા બનારસના રોમરોમમાંથી ગીત, સંગીત અને કળા ઝરે છે. અહીં ગંગાના વિવિધ ઘાટો પર અનેક કળાઓ વિકસી છે, જ્ઞાન શિખર સુધી પહોંચ્યું છે અને માનવતા સાથે જોડાયેલું ગંભીર ચિંતન — આ નગરની માટીની દેણ છે. એટલે બનારસ ગીત-સંગીતનું, ધર્મ-અધ્યાત્મનું અને જ્ઞાન-વિજ્ઞાનનું એક બહુ મોટું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બની શકે છે.

સાથીદારો, ભગવાન વિશ્વનાથે પોતે જ કહ્યું છે -

**सर्व क्षेत्रेषु भूपृष्ठे काशी क्षेत्रम् च मे वपुः।**


અર્થાત્ સંપૂર્ણ કાશી ક્ષેત્ર મારું જ સ્વરૂપ છે. કાશી સાક્ષાત્ શિવ છે. અત્યારે જ્યારે છેલ્લાં ૭ વર્ષોમાં આટલી બધી વિકાસલક્ષી યોજનાઓથી કાશીનો શૃંગાર થઈ રહ્યો છે, ત્યારે આ શૃંગાર રુદ્રાક્ષ વિના કેવી રીતે પૂરો થઈ શકે? જ્યારે આ રુદ્રાક્ષ કાશીએ ધારણ કરી લીધો છે, ત્યારે કાશીનો વિકાસ વધુ થશે અને કાશીની શોભમાં વધારો થશે. હવે આ કાશીવાસીઓની જવાબદારી છે, હું તમને બધાને વિશેષ આગ્રહ પણ કરું છું કે, રુદ્રાક્ષની શક્તિનો પૂર્ણ ઉપયોગ તમારે કરવાનો છે. કાશીના સાંસ્કૃતિક સૌંદર્યને, કાશીની પ્રતિભાઓને આ સેન્ટર સાથે જોડવાની છે. જ્યારે તમે આ દિશામાં કામ કરશો, ત્યારે તમે કાશીની સાથે સંપૂર્ણ દેશ અને દુનિયાને પણ તમારી સાથે જોડશો. જેમ જેમ આ સેન્ટર સક્રિય થશે, તેમ તેમ ભારત અને જાપાન વચ્ચેના સંબંધોને પણ દુનિયામાં એક નવી ઓળખ મળશે. મને પૂરો વિશ્વાસ છે કે, મહાદેવજીના આશીર્વાદથી આગામી દિવસોમાં આ સેન્ટર કાશીની એક નવી ઓળખ બની જશે, કાશીના વિકાસને નવી ગતિ આપશે. આ જ શુભકામનાઓ સાથે હું મારી વાણીને વિરામ આપું છું. હું એક વાર ફરી જાપાન સરકારનો, જાપાનના પ્રધાનમંત્રીજીનો વિશેષ આભાર માનું છું અને બાબાને આ જ પ્રાર્થના કરું છું કે તમને બધાને સ્વસ્થ રાખે, ખુશ રાખે, સજાગ રાખે. કોરોનાની તમામ આચારસંહિતાઓનું પાલન કરવાની ટેવ જાળવી રાખજો. તમારો બધાનો ખૂબ ખૂબ આભાર!

હર હર મહાદેવ!





# કોરોનાકાળમાં સરકારની કલ્યાણકારી કામગીરી



## લોકડાઉન પહેલાંની સ્થિતિ

- ૧૩ મી જાન્યુઆરી કોરોનાનો ભારતમાં પ્રથમ કેસ.
- N-95, PPE કીટ ઓછા પ્રમાણમાં હતી અને થોડાંક જ દિવસોમાં અનેક ઉપલબ્ધ કરવામાં આવ્યાં.
- ૧૨૩ દેશોને HYDROSIL CLORCLINE આપી. PCM અમેરિકાને પણ આપી
- એક જ લેબોરેટરી હતી
- થાળી અને વાસણો વગાડીને દેશના ફ્રન્ટ લાઈન વોરીયર્સ ડોક્ટર નર્સિંગ સ્ટાફ અને પોલીસ કર્મીઓને પ્રોત્સાહન આપ્યું. વિકસિત દેશોએ પણ આ પ્રકારે કાર્યક્રમો કર્યા.

## લોકડાઉન ખૂલ્યું

- મહામારીથી મૃત્યુદર વધવા કરતા ભૂખમરીથી મૃત્યુ ન વધે તે માટે જરૂરી
- ૮૦ કરોડ લોકોને રાસન આપ્યું અને આગળ પણ આપવાનું ચાલુ છે.

## વેક્સિનેશન

- એપ્રિલ ૨૦૨૦માં શરુ કરવામાં આવ્યું હતું.
- કોવીસીલ્ડ અને કોવેક્સિન ભારત સરકારે વિકસાવી.
- પ્રધાનમંત્રીશ્રી એ ZYDUS ગુજરાત, ભારત બાયોટેક બેંગ્લોર અને સીરમ ઈન્સ્ટીટ્યુટ પુના ખાતે જાત નિરીક્ષણ કર્યું.
- ભારતે ૬ કરોડ વેક્સીન વિદેશથી રો-મટીરીયલ માટે એક્સપોર્ટ કરી અને TREETEE ( દ્વિ-રાષ્ટ્રીય) સંબધ કહેવાય અને ભારત વસુધૈવ કુટુમ્બકની ભાવનાઓમાં માનનારો દેશ છે.
- ભારત બાયોટેકએ ઈન્ડીજીનીયસ ભારતની આત્મનિર્ભર ભારત યોજના અંતર્ગત પ્રોડક્ટ છે.

## પ્રોડક્શન

- કોવીસીલ્ડવેક્સીન માટે જુનમાં ૧૦ કરોડ, જુલાઈમાં ૧૨ કરોડ, ઓગસ્ટમાં ૧૫ કરોડનો ટાર્ગેટ
- કોવેક્સીન માટે જુનમાં ૨.૫ કરોડ જુલાઈ માં ૩.૫ કરોડ અને ઓગસ્ટમાં ૪.૫ કરોડનો ટાર્ગેટ
- ઈન્પોર્ટ કરવાની છૂટ.
- પબ્લિક સેકટર યુનિટ માટે ઈમર્જન્સી ટ્રાયલ છૂટ
- ૫૦ લાખ ડોઝ એક મહિના માટે બનાવી શકાશે.
- ZYDUS પહેલી દુનિયાની DNA વેક્સીન
- બાયોલોજીકલ ઈવેન બેંગ્લોરના ૭ થી ૮ કરોડ વેક્સીનના ડોઝ દર મહીને સપ્ટેમ્બર ઓક્ટોમ્બરમાં આવશે.
- ભારત ૪૧.૭ કરોડ સાથે સૌથી વધુ વેક્સીનેશન કરનારો દેશ.
- ભારત બાયોટેકની નોઝલ વેક્સીન નાકના ટીપા ભારત માટે ગેમ ચેન્જર સાબિત થશે.
- વેક્સીન ફોર ચિલ્ડ્રન ભારત બાયોટેક અને ZYDUS માં ટ્રાયલ ચાલુ છે જે વેક્સીન ટુંક સમય માં આવશે.
- રેમડેસીવર,મુકરમાઈક્રોસીસ,ઓક્સીજન થર્ડવેવની તૈયારી
- પહેલા દેશમાં ૩૦ હજાર પ્રોડક્શન યુનિટ દરોજ કાર્યરત હતા.
- હવે ૧૩ એપ્રિલ ૨૦૨૧ સુધીમાં ૬૨ હજાર પ્લાન્ટ કાર્યરત કર્યા આજે ૫ લાખ પ્રોડક્શન યુનિટ કાર્યરત છે.
- રો મટીરીયલ ઈમ્પોર્ટ કરાયું ૩ અમેરિકન કંપનીમાંથી
- યુકરમાઈક્રોસીસ EMPHERITIAN ‘B’ ઈજેકશન મે ૨૦૨૧માં ૫ કંપનીમાં ૧.૩૦ લાખ બનતા હતા હવે ૧૩ લાખ ઈમ્પોર્ટ કરી ચૂકયા છે અને ૧૦ લાખ નવા પ્લાન્ટ કાર્યરત કર્યા.




### ઓક્સિજન

- એપ્રિલ ૨૦૨૦માં ૪ થી ૫ હજાર મેટ્રિક ટન મેડીકલ ઓક્સીજનની જરૂર હતી.
- ૭૦૦થી ૯૦૦ મેટ્રિક ટન જ મેડીકલ ઓક્સિજનની જરૂરીયાત બાકી બધુજ INDURSTRIAL હતું
- સરકારે ત્વરિત INDURSTRIAL વપરાશ બંધ કરાયો જેના કારણે ઓક્સિજન સપ્લાય ૧૦ હજાર મેટ્રિક ટને પહોચ્યું છે જે ૫૦૦૦ નું ડબલ છે.
- લીક્વીડ ઓક્સીજનના ટેન્કરો ભારતમાં ઓછા હતા જે બીજા દેશો માંથી ઈમ્પોર્ટ કર્યા અને ભારતના ખૂણે ખૂણે ટેન્કરો મારફતે મોકલવાયા
- PSA પ્લાન્ટના નિર્માણ દરેક મોટી હોસ્પિટલો સરકારી અને ખાનગીનું નિર્માણ ૧૭૫૩ પ્લાન્ટ બનાવવાનું લક્ષ ઓગસ્ટ સુધીમાં
- ONGC અને GNFC જેવી અનેક કપનીઓ આ પ્લાન્ટ બનાવે છે.
- ઓક્સીજન સીલીન્ડરનું ૪ લાખ ૨૦ હજાર નવા બનાવ્યા.
- ૫૬ હજાર VENTILATER આપ્યા.
- ૧ લાખ થી વધારે ઓક્સીજન VENTILATER વધુ આપ્યા.
- દરેક જીલ્લામાં કોરોનાની દવાનો જથ્થો રીઝર્વ કરાયો
- કુલ ૨ લાખ ૪૪ હજાર કોવિડ બેડ ની વ્યવસ્થા કરાઈ.
- નવા ડોક્ટર અને પેરા મેડીકલ સ્ટાફ ની વ્યવસ્થા કરાઈ.

### ભારત બની રહ્યું છે આત્મનિર્ભર

- મોદી સરકારના સફળ નેતૃત્વમાં નિકાસમાં થયો વધારો... માર્ચ ૨૦૨૦માં ૨૧.૫ બિલીયન ડોલર તથા માર્ચ ૨૦૨૧માં ૩૪ બિલીયન ડોલર સાથે ૫૮.૨૩% નો વધારો.
- કોરોનાકાળમાં પણ અડીખમ ભારતીય અર્થવ્યવસ્થા IMFનું અનુમાન વર્ષ ૨૦૨૧ માટે ભારતનો આર્થિક વૃદ્ધિદર ૧૨.૫% થશે.
- આર્થિક વૃદ્ધિદરમાં ચીનને પાછળ છોડી આગળ વધશે ભારત, વર્ષ ૨૦૨૨માં ભારતીય અર્થવ્યવસ્થાનો વૃદ્ધિદર ૬.૯% થવાની સંભાવના.
- ડીજીટલ યુગમાં અગ્રેસર ડીજીટલ ઈન્ડિયા UPI દ્વારા નાણાકીય વ્યવહારો થયા સરળ માર્ચ ૨૦૨૧માં ૨૭૩ કરોડ ટ્રાન્ઝકશન થયા રૂ.૫.૦૫ લાખ કરોડની લેવડ-દેવડ UPIના માધ્યમથી થઈ.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના દ્વારા મળી નવી તકો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૪.૧૯ કરોડ લોન મંજુર થઈ, રૂ. ૨.૫૧ લાખ કરોડથી વધુની લોન અપાઈ.
- DBT ના માધ્યમથી લોકોને મળી રહ્યો છે સીધો લાભ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૧૬ યોજનાઓ દ્વારા રૂ. ૩.૮૭ લાખ કરોડથી વધુનો લાભ મળ્યો ૨૭૫ કરોડ વ્યવહારો થયાં.
- આત્મનિર્ભરતના પથ પર આગળ વધતું ભારત PLI યોજના અંતર્ગત હવે દેશમાં જ નિર્માણ પામશે મહત્વપૂર્ણ સામગ્રી ૧૬ આવેદનકર્તાઓને મળી મંજુરી, આ નિર્ણયથી નવા રોજગારનું થશે સર્જન.
- નિકાસ દ્વારા દેશનો વિકાસ નિકાસમાં થઈ રહ્યો છે ઉત્તરોતર વધારો વર્ષ ૨૦૧૩માં ૬.૩ બિલિયન ડોલર, વર્ષ ૨૦૨૦માં ૧.૭ બિલિયન ડોલર અને વર્ષ ૨૦૨૧ એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ૬.૮ બિલિયન ડોલર થયો.
- મહામારીમાં પણ અર્થતંત્રને ગતિ આપતી મોદી સરકાર વર્ષ ૨૦૨૦-૨૧માં ઈનડાયરેકટ ટેક્સ સંગ્રહમાં થયો નોંધપાત્ર વધારો.
- વર્ષ ૨૦૧૯-૨૦ ની તુલનાએ ૧૨.૩% ટેક્સ સંગ્રહમાં થઈ વૃદ્ધિ, વર્ષ ૨૦૧૯ ૨૦માં રૂ. ૯.૫૪ લાખ કરોડ ટેક્સ સંગ્રહ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૦.૭૧ લાખ કરોડ ટેક્સ સંગ્રહ.
- વિદેશી હૂંડિયામણમાં ભારતે બનાવ્યો નવો રેકોર્ડ ભારતનું ફોરેક્સ ૪.૩ અબજ ડોલર ઘટીને ૫૮૦.૩ અબજ ડોલર પહોંચ્યું.
- રસિયાને પાછળ છોડી સૌથી વધુ ફોરેન એક્સચેન્જ રીઝર્વ ધરાવતો ચોથો દેશ બન્યો ભારત.
- પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત ફેરીયાઓને મળ્યો મોદી સરકારનો સાથ અત્યાર સુધીમાં ૨૩.૨૪ લાખ લોનને મળી મંજુરી.
- ૧૮.૫૪ લાખ લાભાર્થીઓને લોન આપવામાં આવી, માત્ર ૯ મહિનાની અંદર લાખો લોકોને મળ્યો યોજનાનો લાભ.



## બાળ ગંગાધર ટિળક

**જન્મ : ૨૩-૭-૧૮૫૬ • અવસાન : ૧-૮-૧૯૨૦**

'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે' એવી બુલંદ સ્વરે ગર્જના કરનારા બાળ ગંગાધર ટિળક મહારાષ્ટ્રના રત્નાગિરિ પાસેના ચિખલ ગામના વતની હતા. પૂણેની ડેક્કન કૉલેજમાંથી બી.એ. તેમજ મુંબઈની કૉલેજમાંથી બેરિસ્ટરની ડિગ્રી મેળવનાર ટિળકે ધાર્યું હોત તો વકીલાત કરીને અઢળક નાણાં કમાઈ શક્યા હોત. પરંતુ દેશભક્તિને વરેલા આ ક્રાંતિકારી વ્યાવસાયિક ન બનતાં 'મરાઠા' અને 'કેસરી' જેવા રાષ્ટ્રવાદી અખબારના સંપાદક બન્યા. અખબારની તમામ કામગીરી જાતે સંભાળતા. ત્યાં સુધી કે ગ્રાહકોનાં સરનામાં પણ પોતે લખતા. એ વખતે ભાગ્યે જ કોઈ અખબારનો તંત્રી અંગ્રેજ સરકારની અત્યાચારી નીતિ સામે ઊંચો અવાજ કરવાની હિંમત કરતો. ત્યારે ટિળક 'મરાઠા' અને 'કેસરી'માં અંગ્રેજ સરકારની દમનકારી નીતિની ઝાટકણી કાઢવામાં કશું બાકી ન રાખતા. મહારાષ્ટ્રમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે સરકારે જે અમાનવીય વલણ દાખવ્યું તેની 'મરાઠા' અને 'કેસરી'માં નિર્ભિક ટીકા કરી. અંગ્રેજ સરકાર હવે થોડી ટિળકને છોડે ? ટિળક પોતાના અખબારમાં ઉશ્કેરણીજનક લેખો લખીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે એવું કહી તેમના વિરુદ્ધ રાજદ્રોહનો આરોપ મૂકી યરવડાની જેલમાં પૂર્યા. દોઢ વર્ષ જેલમાં ગાળીને છૂટ્યા પછી પણ ટિળક એ જ નિર્ભિકતાથી સરકાર વિરુદ્ધ લખતા રહ્યા. લોકોમાં રાષ્ટ્રભાવના જગાવવા એમણે ગણેશોત્સવ અને શિવાજીજયંતીના તહેવારને સાર્વજનિક બનાવ્યા. મધુપ્રમેહનો રોગ હોવા છતાં રોજના અઢાર કલાક કાર્યરત રહેતા. શ્રીમતી એની બેસન્ટ સાથે મળીને હોમરૂલ આંદોલનની આગેવાની પણ લીધી. દરમિયાન 'કેસરી'માં પ્રગટ થયેલા 'દેશનું કમનસીબ' લેખને સરકારે રાજદ્રોહ સમાન ગણાવી ફરી તેમના પર કેસ ચલાવ્યો. છ વર્ષની કાળાપાણીની સજા સંભળાવી બર્માની માંડલની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલમાં ટિળકે અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો. 'ગીતારહસ્ય' જેવું અમર પુસ્તક પણ લખ્યું. ત્યાં એક દિવસ પત્નીના દુઃખદ મૃત્યુના સમાચાર આવ્યા. તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સંતાનોને પત્ર લખ્યા : 'તમારી મા અને હું લગભગ ૫૦ વર્ષ સાથે જીવ્યાં છીએ. આજે તેની અંતિમ પળોમાં હાજર ન રહી શક્યાનું અપાર દુઃખ અનુભવું છું. તેની ઉત્તરક્રિયા સાંગોપાંગ કરજો . હું ત્યાં નહિ હોવાનું તમને દુઃખ થયું હશે. આ દુઃખને કારણે તમારું ભણતર બગડવા ન દેશો. આવા સંકટથી માણસે સ્વાવલંબન વધુ શીખવું જોઈએ.' છ વર્ષની કાળાપાણીની સજા પૂરી કરીને ટિળક જેલમાંથી છૂટ્યા ત્યારે દેશમાં ઠેર ઠેર તેમનું સન્માન કરવામાં આવ્યું. લોકમાન્યના બિરુદથી નવાજવામાં આવ્યા. પરંતુ સતત પ્રવાસને કારણે તેમની તબિયત કથળતી ગઈ. મા ભારતીની સ્વતંત્રતા ઝંખતા આ દેશભક્ત ૬૪ વર્ષની ઉંમરે સ્વર્ગે સિધાવી ગયા.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રથયાત્રાની પૂર્વસંધ્યાએ પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથની પૂજાઅર્ચના કરવામાં આવી ત્યારની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.